## ☆ પ્રારંભિક વાત... ☆

રબ તબારક વ તઆલાએ સ્ત્રી અને પુરૂષનું સર્જન કર્યુંછે તેની સાથો સાથ દરેકે જિંદગી કઈ રીતે પસાર કરવી તેના નીતિ નિયમોને પણ કુર્આની આદેશોના ઝરીયે તથા તેના પ્યારા હબીબ (સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ)ના ફર્માનો મુબારક હદીસો રૂપે આપણી સમક્ષ રજુ કરેલાં છે. કુર્આની ફર્માન મુજબ જિન્ન તથા ઈન્સાનને અલ્લાહની ઈબાદત માટે પેદા ફર્માવ્યાં છે એટલે આપણી જિંદગીનો મકસદ કેવળ ઈબાદત જ છે. નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત વગેરે તો ઈબાદત છે જ પણ જો આપણી જિંદગીના દરેક કાર્યો જેમકે આપણુ ચાલવું, જોવું, બેસવું, ઉઠવું, ખાવું, પીવું, સૂવું, સામાજિક જીવન પદ્ધતિ, દાંપત્ય જીવન, વેપાર–રોજગાર, વાતચીત–વ્યવહાર.... સર્વે નીતિ નિયમોના અનુસાર હશે, અલ્લાહ વ રસૂલના આદેશો મુજબ અને પ્યારા આકા, માલિકો દો જહાં (સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ)ની સુન્નતો મુજબ હશે તો સર્વે કામો તો થતાં થશે જ પણ તે ઈબાદતમાં ગણાશે, આપણુ જીવન સાર્થક ગણાશે. સુબ્હાનલ્લાહ ! વિચાર કરો, નસીબની રોજી તો કયાંય જશે નહીં, નસીબ પર તો મુસલમાનનું ઈમાન છે જ. હવે તમે હલાલ માર્ગે કમાણી કરી સુન્નત તરીકાથી જમ્યા તો તમારું ખાવું ઈબાદતમાં ગણાશે અને તેમાં બરકત પણ રહેશે. તે રીતે સૂવુ–બેસવું–પીવું વગેરે ફર્માને રસૂલ મુજબ હશે તો ખુદાની રહમત તમારા પર ઉતરશે, જિંદગીમાં સુકૂન તથા ઈત્મિનાન મયસ્સર થશે. ઈન્શાઅલ્લાહ !

ઈસ્લામે જિંદગીના દરેક પાસાની તેહઝીબ રજુ કરી દીધી છે. સ્ત્રી પુરૂષે જિંદગી કઈ રીતે જીવવી જોઈએ, સ્ત્રીનું શું મહત્વ છે શું ઈજ્જત છે, પતિ–પત્નીના શું હક્કો છે, તલાક શું છે, ઝિનાકારી કેવી ખરાબ ચીજ છે અને નિકાહના શું આદાબ છે, સ્ત્રીનો પર્દો કેટલી ઈજ્જત બક્ષનારી ચીજ છે અને શર્મગાહની તથા નજરોની હિફાઝત રાખવી કેટલી અનિવાર્ય બાબત છે વગેરે બાબતોને આ કિતાબમાં આવરી લીધેલ છે. **સામાને આખેરત** (લેખક :– હઝરત



અબ્દુલ મુસ્તફા આઝમી અલયહિર્રહ્‌મહ્‌) તેમજ **હુકૂકુલ ઝવજૈન** (લેખક :– મુફતી શફીક અહમદ–ઈલાહાબાદી) તથા અન્ય કિતાબોના આધારે આ કિતાબ સંપાદિત કરી છે જે દરેકે અવશ્ય વાંચી અમલમાં મૂકવા જેવી ઉમદા માહિતઓ પૂરી પાડે છે.

જયાં બદકારીનુ બજાર ગરમ છે અને દુનિયાને એઈડ્‌ઝ જેવી ભયાનક બીમારી જેમની ભેટ છે ! તે બદકાર કૌમો અમેરિકા તથા અંગ્રેજની અંગ્રેજી તેહજીબના રવાડે ચડીને ટી.વી., વી.ડી.ઓ. પર પરાયા સ્ત્રી પુરૂષોનાં નગ્ન ખેલો તથા શૈતાની ખેલો જોઈને આપણી યુવા પેઢી જે એવા માર્ગે વળી રહી છે કે આવારા જિંદગી જીવવામાં ક્ષોભ સંકોચ પણ નથી અનુભવતી, ન તો ગુનાહનો એહસાસ તેમને થાય છે બલ્કે આવારાપણામાં ગર્વ અનુભવે છે ! તો માં બાપની દીની અખ્લાકી ફરજ છે કે ઈસ્લામી રીત ભાત તેમને સમજાવે તથા શીખવાડે, બાળકોને નાનપણથી ''મુસલમાન શું છે'' તેની સમજ આપે તો ઈન્શાઅલ્લાહ તે બાળક સારા માર્ગે જીવવા પ્રયત્ન કરશે અને માં બાપે પણ પોતાની જિમ્મેદારી નિભાવી ગણાશે. એવું નહીં કરે તો કાલે કિયામતના મેદાનમાં પોતાની જિમ્મેદારીમાં ઉણપ દેખાડવાની સજા સાંભળવા તૈયાર રહેવું પડશે. ખુદાએ દૌલત આપી છે તો હજારોના ટી.વી., વી.સી.આર., વી.ડી.ઓ. કે જેમાં આનંદપ્રમોદના હરામ કામો તરફ દોરતા લપસણા ખેલો તથા ફાસિકોના ચેહરાઓ ડોકાતા હોય છે તેવી અઝાબ તરફ લઈ જનારી ચીજો ન વહોરે પણ ઈમાનની, સુન્ની અકીદાની, ઈસ્લામી જીવન ઢબની સમજ આપતી કિતાબો ખરીદે અને સાચા અર્થમાં મુસલમાનની જેમ જિંદગી વિતાવે તેમાં જ બંને જહાનની ઈજ્જત તથા ભલાઈ છે.

મૌલા તઆલા આપણને હક્ક સમજવા, તેના પર અમલ કરવાની તૌફીક આપે,આમીન બિજાહિન્નબીકરીમ(સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ).

તા. ૯–૨–૧૯૯૩ લિ. નાચીઝ (સંપાદક)

દયાદરા **પટેલ શબ્બીર અલી રઝવી**

# પ્રકરણ-(૧)

## ☆ નિકાહ વિશે વર્ણન ☆

નિકાહ ધાર્મિક ચીજોમાંથી એક ખૂબ જ મહત્વનો અને શાનદાર શરઈ હુકમ છે. એ કુર્આનનું ફર્માન અને અંબિયાએ કિરામ તથા રસૂલો અને ખાસ કરીને હુઝૂર ખાતિમુન્નબિય્યિન (અલૈહિ વ અલયહિમુસ્સલાતુ વત્તસ્લીમ)ની મુકદ્દસ સુન્નત અને સ્ત્રી તથા પુરૂષની પાકદામની (સુચરિત્રતા)નો ઝરીયો અને ઈન્સાની વંશની હયાતીનો વસીલો છે. દુનિયવી દ્રષ્ટિએ નિકાહનો સંબંધ એક કાયદેસરનો એવો કાનૂની સંબંધ છે કે સ્ત્રીને ખવડાવવા, પીવડાવવા, પહેરાવવા વગેરેમાં તેમજ ભાવિમાં આવનારી ઔલાદના લાલન, પાલનના માટે પુરૂષ પૂર્ણરૂપે જિમ્મેદાર ઠરે છે, અને સ્ત્રી તે પુરૂષની સેવા તથા હુકમના પાલનની સાથે જિંદગીની ભાગીદાર બનીને પુરૂષની અમાનતોની અમીન (અમાનતોને સાચવનારી) તથા રક્ષક બની જાય છે. વળી આ નિકાહના સંબંધનો મૂળ હેતુ એ છે કે, પુરૂષને સ્ત્રીની મહોબ્બત અને સ્ત્રીને પુરૂષના પ્રેમથી દિલી સુકૂન તથા આત્મસંતોષ નસીબ થાય છે. જેના થકી બેઉને આનંદ માણવા અને અંગત (ખાનગી) જિંદગીમાં આરામ તથા ચૈન પામવા અને જિંદગીની કૈફથી ભરપુર અને મોજ મજાથી ભરેલી ઘડીઓ ગુજારવાનો સોનેરી મોકો મળે છે. વળી સૌથી વિશેષ તો ઈન્સાની વંશ વેલાની વૃધ્ધિ અને હિફાઝતનો પ્રશ્ન નિકાહના રિશ્તાના સબબે જ ઉકલતો રહે છે. કેમ કે કાનૂની સંબંધ ન હોવાની સ્થિતિમાં સ્ત્રી તથા પુરૂષના મેળાપ (ઝિના, વ્યભિચાર)થી જે ખરાબ પરિણામો ઉદ્‌ભવે છે તે એ કે કયારેક ગર્ભપાત કરાવવો પડે, કયારેક પૂરેપૂરા ફૂલ ઝેવા બાળકોને નાળાઓ, તળાવો અને કૂવાઓમાં ફેંકી દેવાના, કયારેક બાળકનું ગળુ દબાવી દેવાના બનાવો રોજબરોજ ઉપસ્થિત થતા રહે છે.

**અલ્લાહુ અકબર !** માણસાઈનો મામુલી હિસ્સો પણ દિલમાં



ધરાવનાર એને સમજીશકે છે કે એથી વિશેષ જુલમનું કામ કયુ હશે ? કે નાના નાના નિર્દોષ અને મુંગા જીવોને આવી નિર્દયતાની સાથે હલાક તથા બર્બાદ કરવામાં આવે. એજ કારણે તો દુનિયાની દરેક કૌમ તથા મઝહબે ઈન્સાની વંશવેલાની વૃધ્ધિ તથા સલામતી માટે આ કાનૂની સંબંધને દરેક સમયે અનિવાર્ય જાણ્યો અને પોત પોતાના ખયાલો મુજબ આ રસમને અદા કરવા માટે કોઈ ન કોઈ તરીકો નિશ્ચિત કર્યો. હિન્દુસ્તાનમાં હિન્દુઓ પંડિતને બોલાવીને ચોળી ચણીને સ્ત્રી તથા પુરૂષના પાલવમાં કપડાની ગાંઠ લગાવીને આ કાનૂની રિશ્તાને જોડવામાં આવે છે. અન્ય કૌમો અન્ય તરીકાઓ દ્વારા આ કાનૂની સંબંધને મજબૂત કરે છે. ઈસ્લામે આ કાનૂની સંબંધને જોડવાનું નામ નિકાહ રાખ્યું છે જેને કેટલીક ખાસ શરતો અને જરૂરીયાતોની સાથે સંકલિત કરીને એક કાનૂની માળખાની હૈષિયત આપી છે જે દરેક મુસલમાને માનવું અનિવાર્ય અને તેના પર અમલ કરવો વાજિબ છે.

નિકાહના વિશે અલ્લાહ તઆલાએ કુર્આનમાં આ હુકમ નાઝિલ ફર્માવ્યો છે, (તર્જુમો) :– ''તો નિકાહમાં લાવો જે સ્ત્રીઓ તમને સારી લાગે બે–બે અને ત્રણ–ત્રણ અને ચાર–ચાર. પછી જો તમે ડરો કે બે પત્નીઓને બરાબર રાખી શકશો નહીં તો એક જ કરો.'' *(પારા–૪, સૂરએ નિસાઅ, આયત–૩)*

બીજી આયતમાં ઈર્શાદ ફર્માવ્યો કે, (તર્જુમો) :– અને નિકાહ કરો તમારામાં જેઓ નિકાહ વગરના હોય અને પોતાના લાયક ગુલામો તથા લોંડીઓના. જો તેઓ ગરીબ હશે તો અલ્લાહ તેમને માલદાર કરી દેશે પોતાના ફઝલથી. અને અલ્લાહ વિશાળતાવાળો ઈલ્મવાળો છે. અને જોઈએ કે બચેલા રહે તેઓ જેઓ નિકાહની શકિત નથી ધરાવતા એટલે સુધી કે અલ્લાહ તેમને શકિતવાળા કરી આપે પોતાના ફઝ્લથી. *(પા. ૧૮, સૂ.નૂર, આ. ૨૨–૨૩)*

હદીષ શરીફમાં હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)એ ઈર્શાદ ફર્માવ્યો કે,

"હે યુવાનોની જમાઅત ! તમારામાં જે કોઈ નિકાહની તાકત ધરાવે છે તે નિકાહ કરે, કેમ કે એ (અજનબી સ્ત્રીઓ તરફ નજર કરવાથી) નજરો રોકનાર અને શર્મગાહ (ગુપ્તાંગ)ની રક્ષા કરનાર છે અને જેનામાં નિકાહની ત્રેવડ નથી તે રોઝા રાખે કેમ કે રોઝા શહવત (જાતિય વાસના)ને તોડી નાખનાર છે.

*(મિશ્કાત, ભાગ–૨, પેજ–૨૬૭, બહવાલા બુખારી તથા મુસ્લિમ)*

બીજી હદીષમાં રહ્‌મતુલ્‌લિલ્ આલમીન (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)એ આ પ્રમાણે ઈર્શાદ ફર્માવ્યો છે કે, તકવા (પરહેઝગારી, ખુદાનો ખૌફ) પછી મુસલમાનના માટે નેક પત્નીથી વધીને કોઈ ચીજ નથી. જો તેણીને હુકમ કરે છે તો તે પાળે છે અને તેણીને જુએ તો ખુશ કરી આપે અને તેના માટે કસમ ખાઈ બેસે તો કસમને સાચી કરી બતાવે. અને (પતિ) કયાંક ચાલ્યો જાય તો પોતાના નફ્સ (મન, જીવ) અને પતિના માલમાં ભલાઈ કરે (એટલે કે અપ્રમાણિકતા અને બગાડ ન કરે). (બહારે શરીઅત, ભાગ–૭, બહવાલા ઈબ્ને માજહ). એ જ પ્રમાણે અન્ય ઘણી હદીષોમાં નિકાહ કરવા પ્રત્યે આકર્ષિત કરવામાં આવેલ છે અને તેના ફાયદાઓ તથા ખૂબીઓનું વર્ણન છે.

## ☆ નિકાહની કેટલીક સ્થિતિઓ ☆

**મસ્અલહ** :– જો મહર તથા ભરણપોષણની શકિત હોય અને શહવત (જાતિય વાસના)નો પ્રભાવ (જોશ) એટલા પ્રમાણમાં હોય કે તેને યકીન હોય કે જો નિકાહ કરશે નહીં તો વ્યભિચાર (ઝિના)માં પડી જશે. તો આવી સ્થિતિમાં **ફર્ઝ** છે કે નિકાહ કરે. (દુર્રેમુખ્તાર). અને જો મહર તથા ભરણ પોષણની શકિત હોય અને શહવત (જાતિય વાસના)નો જોશ એટલો હોય કે વ્યભિચારમાં પડી જવાનો ભય હોય પણ ખાત્રી ન હોય તો એ સ્થિતિમાં **વાજિબ** છે કે નિકાહ કરે. એ જ પ્રમાણે જો પર સ્ત્રીઓ પ્રત્યે નજર ઉઠાવવાથી અટકી નથી શકતો અથવા મઆઝલ્લાહ (અલ્લાહની પનાહ) હાથ વડે કામ લેવું પડશે તો નિકાહ કરી લેવો **વાજિબ** છે.



(દુર્રે મુખ્તાર તથા રદ્દુલ મુહ્તાર) અને જો મહર તથા ભરણપોષણની શકિત ધરાવતો હોય અને શહવત (વાસના) ન તો ઘણી વધારે હોય અને ન તો નપુંસક (નામર્દ) હોય આવી સ્થિતિમાં નિકાહ **સુન્નતે મોઅક્કદા** છે, કેમ કે નિકાહ ન કરવા પર અડી રહેવું ગુનોહ છે. અને આ સ્થિતિમાં જો હરામથી બચવા અથવા સુન્નતની પૈરવી અથવા સંતાન પ્રાપ્તિની નિય્યત કરે તો સવાબ પણ મળશે. અને જો કેવળ મજા માણવાનો હેતુ હશે તો જાઈઝ છે પણ સવાબ મળશે નહીં. (દુર્રેમુખ્તાર તથા રદ્દુલ મુહ્તાર) અને એવો ભય હોય કે જો નિકાહ કરશે તો ભરણ પોષણ અને નિકાહના હક્કો અદા કરી શકશે નહીં, તો એવી સ્થિતિમાં નિકાહ કરવા **મકરૂહ** છે. અને જો તેને ખાત્રી હોય કે હું ભરણ પોષણ તથા નિકાહના હક્કો નિભાવી શકીશ નહીં તો એવી સ્થિતિમાં તેના માટે નિકાહ કરવા **હરામ** છે.

*(દુર્રેમુખ્તાર)*

## ☆ નિકાહ દરેક માટે સુન્ન્ત નથી ! ☆

કહેવાનો મતલબ એ છે કે કોઈકના માટે નિકાહ **ફર્ઝ** છે તો કોઈકના માટે **વાજિબ** છે તો કોઈકના માટે નિકાહ **સુન્નતે મોઅક્કદા** છે અને કોઈકના માટે **જાઈઝ** છે. વળી કોઈકના માટે મકરૂહ અને કોઈકના માટે **હરામ** છે. મતલબ કે કુલ છ સ્થિતિઓ છે. તો હવે દરેક વ્યકિત પોતાની સ્થિતિને જોઈને એ નિર્ણય લઈ શકે છે કે મારા માટે નિકાહ કરવો કેવો છે ? એના ઉપર અમલ કરે.

એ વાત જે સામાન્યતઃ આમ લોકોમાં મશહૂર છે કે નિકાહ કરવા દરેક શખ્સના માટે સુન્નત છે જેથી જે બુઝુર્ગોએ જીવનભર નિકાહ નથી કર્યો તેમના પર સુન્નત છોડનારનો આક્ષેપ લગાડીને તેમનાથી બદગુમાની રાખે છે, તો અવામ (આમ લોકો)નો એ ખયાલ સહીહ નથી કે દરેક શખ્સના માટે નિકાહ સુન્નત છે. જેમ કે તમે વાંચી લીધું કે કેટલાક લોકોના માટે નિકાહ કરવા મકરૂહ છે અને કેટલાક માટે હરામ પણ છે. તો શકય છે કે જે બુઝુર્ગોએ નિકાહ નથી કર્યા તેમની સ્થિતિ એવી જ રહી હોય કે તેઓ પોતાના માટે

નિકાહને મકરૂહ કે હરામ જાણીને નિકાહથી દૂર રહ્યા હોય. જેથી બુઝુર્ગો પર કદી પણ એતરાઝ કરવો જોઈએ નહીં, ન તો બદગુમાની રાખવી જોઈએ. મતલબ કે જે લોકોના હક્કમાં નિકાહ સુન્નત હોય તો યકીનન તેમણે નિકાહ કરવા જોઈએ. કેમ કે તેમના માટે નિકાહમાં ઘણો જ મોટો સવાબ છે અને દીની તથા દુનિયવી મોટા મોટા લાભો પણ છે. જેમ કે આ મસ્અલા પર તમામ હનફી ફકીહોની એકમતી છે કે :–

**મસ્અલો :–** નિકાહ અને તેના હક્કો અદા કરવામાં અને ઔલાદની કેળવણીમાં મશગૂલ રહેવું નવાફિલ (નફ્લ નમાઝો)માં મશગૂલ રહેવાથી બેહતર છે. *(રદુલ મુહ્તાર તથા બહારે શરીઅત)*

## ☆ નિકાહની મુસ્તહબ બાબતો ☆

નિકાહમાં સાત ચીજો મુસ્તહબ છે :– (૧) નિકાહ ધુમધામ (ઠાઠમાઠ)થી અને ખૂબ જ એલાનની સાથે થવો. (ધુમધામનો મતલબ હરામ કાર્યો, બેન્ડબાજાં વગેરે નથી). (૨) નિકાહ પહેલાં ખુત્બો પઢવો. (૩) મસ્જિદમાં કરવા. (૪) જુમ્અહના દિવસે કરવા. (૫) શરીઅતના પાબંદ ગવાહો (સુન્ની) સમક્ષ કરવા. (૬) સ્ત્રીની ઉંમર, ખાનદાન, માલ તથા પ્રતિષ્ઠામાં પુરૂષ કરતાં ઓછુ હોવું. (૭) સ્ત્રીનું ચાલચલણ અને અખ્લાક તથા તકવો અને સુંદરતામાં પુરૂષથી વિશેષ હોવું. *(દુર્રેમુખ્તાર)*

હદીષમાં છે કે, ''જે પુરૂષ કોઈ સ્ત્રી સાથે તેણીની પ્રતિષ્ઠાના કારણે નિકાહ કરે તો અલ્લાહ તઆલા તેની ઝિલ્લત(બેઈજ્જતી)માં વધારો કરશે. અને જે કોઈ સ્ત્રી સાથે તેણીના માલના કારણે નિકાહ કરશે તો અલ્લાહ તઆલા તેની મોહતાજીને જ વધારશે. અને જે સ્ત્રીની ખાનદાની પ્રતિષ્ઠાના સબબે તેણીને પોતાના નિકાહમાં લાવશે તો અલ્લાહ તઆલા તેના કમીનાપણામાં વધારો ફર્માવશે. અને જે એટલા માટે સ્ત્રી સાથે નિકાહ કરે કે આમ તેમ નજર ન ઉઠે અને પાકદામની (ચારિત્ર્યની પાકી) હાંસલ થાય અથવા સંબંધીઓમાં



સારી વર્તણુંક કરે, તો અલ્લાહ તઆલા તે પુરૂષના માટે તે સ્ત્રીમાં અને તે સ્ત્રીના માટે તે પુરૂષમાં ખૈરો બરકત આપશે.'' (ફત્હુલ કદીર) અને એક બીજી હદીષમાં આવ્યું છે કે,

''સ્ત્રી સાથે ચાર બુનિયાદોના લીધે નિકાહ કરવામાં આવે છે :– (૧) સ્ત્રીની માલદારીના કારણે (૨) સ્ત્રીની કૌટુંબિક પ્રતિષ્ઠાના કારણે (૩) સ્ત્રીની સંદરતાના કારણે (૪) સ્ત્રીની દીનદારીના કારણે. જેથી તમે હે પુરૂષો ! દીનદાર સ્ત્રી સાથે નિકાહ કરવામાં કામયાબી હાંસલ કરો.'' *(મિશ્કાત, ભાગ–૧, પેજ–૨૬૭, બહવાલા બુખારી તથા મુસ્લિમ)*

**મસ્અલહ :–** જે સ્ત્રી સાથે નિકાહ કરવા હોય તેને કોઈ વિશ્વાસુ સ્ત્રીને મોકલીને જોવડાવી લો (અથવા નિકાહ માટે પોતે જોઈ શકે છે.) અને આદતો તથા તૌર તરીકાઓ અને રીતભાતની ખૂબ જ તપાસ કરી લો. જેથી ભાવિમાં ખરાબીઓ (ગરબડ) ઉપસ્થિત ન થાય. કુંવારી સ્ત્રી સાથે અને જેના થકી વધુ ઔલાદ થવાની ઉમ્મીદ હોય તેની સાથે નિકાહ કરવા બેહતર છે. અને વૃધ્ધા અને ખરાબ આદતોવાળી તથા બદકાર (ખરાબ કૃત્યો કરનાર) સ્ત્રી સાથે નિકાહ ન કરવા બેહતર છે. *(રદદુલ મુહતાર)*

**મસ્અલહ :–** સ્ત્રીએ જોઈએ કે દીનદાર, સુચરિત્ર, માલદાર તથા સખી પુરૂષથી નિકાહ કરે. ફાસિક તથા બદકાર પુરૂષ સાથે કદાપિ નિકાહ ન કરે. અને એવું પણ ન થવું જોઈએ કે કોઈ પોતાની જુવાન છોકરીના કોઈ ઘરડા સાથે નિકાહ કરે, કેમ કે એ ઘણી ખરાબીઓનું પ્રવેશદ્વાર છે. –*(રદુલ મુહતાર)*

## ☆ નિકાહના ફાયદાઓ ☆

હઝરત ઈમામ ગઝાલી (રહમતુલ્લાહિ અલૈહ)એ ''કીમીયાએ સઆદત''માં લખ્યું છે કે, નિકાહના ફાયદાઓમાંથી ત્રણ વિશેષરૂપે ઉલ્લેખનીય છે :–

(૧) ઔલાદ પ્રાપ્ત થવી. એમાં પોતાના વંશની હયાતી અને

તેની સલામતી છે. નેક ઔલાદ મા બાપના મૃત્યુ બાદ દુઆ અને ઈસાલે સવાબ કરશે. જો બાળકો નાબાલિગ હાલતમાં મરી જાય તો મા બાપની શફાઅત કરશે.

(૨) બદકારી (ખરાબ કૃત્યો) અને બદનિગાહી (બુરી નજર કરવાથી) બચવું. એટલા માટે હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ફર્માવ્યું કે જેણે નિકાહ કરી લીધા તેણે પોતાનો અડધો દીન કિલ્લામાં કરી લીધો. અને જે (શક્તિ હોવા છતાં) નિકાહ નથી કરતો લગભગ નિશ્ચિત છે કે તે પોતાની આંખોને ખરાબ નજર કરવાથી અને દિલને બુરા વસવસાઓથી નથી બચાવી શકતો.

(૩) પોતાની પત્ની સાથે સોહબત (સંભોગ) કરવાથી અને તેણી સાથે દિલ બેહલાવવાથી દિલી સંતોષ તથા ચૈન પ્રાપ્ત થાય છે. પછી ત્યારબાદ ઈબાદતમાં તાજુ આકર્ષણ પ્રાપ્ત થાય છે. દરેક સમયે ઈબાદતમાં મગ્ન રહેવાથી માણસ ગમગીન તથા ઉદાસ થઈ જાય છે જેનો શ્રેષ્ઠ ઉપાય અમુક સમય પોતાની પત્ની સાથે મજા માણવી અને રાહત પ્રાપ્ત કરવી.

(૪) સ્ત્રી ઘરઘથ્થુ જવાબદારીઓને અને કૌટુંબિક બાબતોને સંભાળીને પુરૂષને ઈલ્મ તથા અમલ અને ઈબાદતનો મોકો પૂરો પાડે છે.

એટલા માટે હઝરત અબૂ સુલૈમાન દારાની (અલૈહિર્રહ્મહ્) ફર્માવ્યા કરતા હતા કે સ્ત્રી દુનિયાદારીની ચીજોમાંથી નથી બલ્કે સ્ત્રી આખેરતના સામાનોમાંથી છે જે તને દીની કામો માટે ફુરસદ તથા સહુલત આપે છે.

અને હઝરત ઉમર (રદિયલ્લાહુ તઆલા અન્હૂ)નો ઈર્શાદ છે કે, **ઈમાન પછી પાકીઝા સ્ત્રીથી વધીને કોઈ નેઅમત નથી.** જે દીની કામોમાં તારી મદદ કરે છે.

(૫) સ્ત્રીઓના અખ્લાક પર સાબિર (સબ્ર કરનાર) થવું, તેણીની જરૂરતોને પૂરી પાડવી અને તેણીને શરીઅતના માર્ગ પર



કાયમ રાખવી (ચલાવવી) અને તેણીના હક્કોને અદા કરવા, આ ખૂદ એક બેહતરીન તથા અફઝલતરીન ઈબાદત છે. હદીષ શરીફમાં છે કે, **પોતાની પત્નીને ખર્ચો આપવો એ જેહાદમાં સદકો આપવાથી અફઝલ છે.**

બુઝુર્ગોને દીનનો ઈર્શાદ છે કે પોતાના બાળબચ્ચાંઓ માટે હલાલ રોજી શોધવી અવલિયાઓના તબકાઓમાંથી ''અબ્દાલ''નું કામ છે. અને હદીષ શરીફમાં એ પણ આવ્યું છે કે, કેટલાક ગુનાહો એવા છે કે બાળબચ્ચાંઓના પાલન પોષણ (અયાલદારી)ના માટે રંજ તથા તકલીફ ઉઠાવવા સિવાય તેનો અન્ય કોઈ કફ્ફારો (માફીનો સબબ) નથી. *–(કીમીયાએ સઆદત,આદાબે નિકાહ)*

## પ્રકરણ–(૨)

### ☆ પતિ–પત્નીના હક્કો ☆

સ્ત્રી અડધી ઈન્સાનિયત (માણસાઈ) છે, પુરૂષ ઈન્સાનિયતના એક ભાગનું પ્રતિબિંબ દર્શાવે છે તો બીજા ભાગનું પ્રતિબિંબ સ્ત્રી દર્શાવે છે. એટલા માટે સ્ત્રીને અવગણીને માનવજાતના કાજે જે કોઈ પણ યોજના બનશે તે ઉણપયુકત અને અપૂર્ણ હશે. આપણે એવી કોઈ સોસાયટી (સમાજ)ની કલ્પના નથી કરી શકતા જે કેવળ પુરૂષો પર નિર્ભર હોય અને જેમાં સ્ત્રીની આવશયકતા ન હોય બલ્કે બંને એકબીજાનાં સરખાં મોહતાજ છે, ન સ્ત્રી પુરૂષથી બેપરવા થઈ શકે છે, ન પુરૂષ સ્ત્રીથી બેપરવા થઈ શકે છે. તેમની જરૂરતનું મહત્વ સામાજિક રીતે પણ છે અને જાતીય (Sexual) રીતે પણ છે. એક તરફ સામાજિક (સામુહિક) જિંદગી તેમનાથી માંગણી કરે છે કે તેઓ (સ્ત્રી–પુરૂષ) કદમથી કદમ અને ખભેખભા મિલાવીને કામ કરે તો બીજી બાજુ જાતીય પ્રેરણાઓ તેમને મજબૂર કરે છે કે તેઓ એકબીજાની આગોશમાં (બાહોમાં) સંતોષ તથા ઈત્મિનાન પ્રાપ્ત કરે.

સ્ત્રી તથા પુરૂષ ગાડીનાં બે પૈડાં છે તેમાંથી એક પણ જો ખરાબ થઈ જાય તો જિંદગીનો કાફલો એક કદમ પણ આગળ નથી વધી શકતો.

પરંતુ હાલની રહેણીકરણી અને સામાજિક સ્થિતિ પર વિચાર ચિંતન કરનાર દરેક માણસ એ સ્વીકારવા પર મજબૂર થઈ જાય છે કે સ્ત્રી તથા પુરૂષના ગલત સબંધોએ હાલની સંસ્કૃતિના પાયાને હચમચાવી નાખ્યો છે અને માણસને એક એવા સ્થાને ઉભો કરી આપ્યો છે કે જ્યાં ચૈન તથા સુકૂનના હજારો સાધનો હોવા છતાં તે એનાથી વંચિત છે.

કેમકે સ્ત્રી, પુરૂષના ક્ષેત્રમાં તો આંટા ફેરા લગાડતી જોવા મળે છે પરંતુ તે મેદાનથી અદ્રશ્ય થઈ રહી છે જેના માટે કુદરતે તેનું સર્જન કર્યું હતું.

ઈસ્લામના મહાન એહસાનોમાંથી સ્ત્રીને જેટલા અંશે હિસ્સો મળ્યો છે તેનું દ્રષ્ટાંત આ દુનિયાના ઈતિહાસમાં નથી મળી શકતું. વાસ્તવિકતા તો એ છે જે તબકો (ગૃપ) જેટલા પ્રમાણમાં વધુ જુલ્મ પામેલ હતો તેના માટે દુનિયાના સર્જનહારે એ જુલ્મ વેઠવાની સ્થિતિમાંથી એટલા વધુ પ્રમાણમાં મુકિત પામવાની વ્યવસ્થા કરી આપી.

### રહમતે આલમ (સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ)ના આગમન પહેલાં સ્ત્રીનું મૂલ્ય :-

રહમતે આલમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) આ દુનિયામાં તશરીફ લાવ્યા તે અગાઉ સ્ત્રીનું મૂલ્ય કેવળ રમકડાં જેટલું અથવા મનોરંજનના સાધનથી વિશેષ ન હતું. તેણી નિર્જીવ ચીજની જેમ એક પુરૂષથી બીજા પુરૂષની માલિકીમાં ચાલી જતી. અને કોઈ પુરૂષના મૃત્યુ બાદ તેના વારસદારની પાસે અન્ય ચીજોની જેમ જતી રહેતી હતી. બાળકીઓ ખાનદાનના માટે કલંકનું ટીલુ ગણવામાં આવતી હતી અને ઘાટકી માં–બાપ તેમને બિનજરૂરી બોજ સમજીને જીવતી દાટી દેતાં હતાં. સ્ત્રી વિશે લોકોમાં એવી માન્યતા જાણીતી



હતી કે તેણીનું ખમીર ગુનાહમાંથી ઉઠાવવામાં આવેલ છે અને એ કારણે તેણીએ માનવ પિતા હઝરત આદમ અલૈહિસ્સલામને જન્નતમાંથી કઢાવ્યા હતા. એક પુરૂષ જેટલી સ્ત્રીઓને ઈચ્છે તેમને કશાય શરમ કે ખચકાટ વિના પોતાના શયનકક્ષમાં લઈ આવતો. નિકાહ કેવળ એક રસમ હતી જેમાં ન તો કોઈ પવિત્રતા અને ન તો કોઈ જિમ્મેદારીનો ખયાલ તેનાથી સબંધિત હતો. જો રોબર્ટ સ્મિથના પુસ્તક ''ઈસ્લામ પહેલાં નિકાહનો સબંધ''નો અભ્યાસ કરો તો તમને જાણવા મળશે કે આ નાઝુક તબકો (સ્ત્રીઓ) કેવા પ્રકારના જુલ્મો સિતમનો શિકાર હતી. એક સ્ત્રીએ એક જ સમયે કેટલા પુરૂષોની પત્ની બનીને રહેવું પડતું હતું, અને કેટલીક વાર તો પૂરા ખાનદાનના પુરૂષો તેણીને પોતાની હવસ (વાસના)નું નિશાન બનાવતા હતા. તે જુલ્મમાં સપડાયેલી તેણીનું કામ કેવળ એ રીતનું હતું કે તે પુરૂષ માટે મનોરંજનનો સામાન પૂરો પાડે.

### ☆ પુત્રીને મારી નાખવાનો રિવાજ ☆

અમે આ વિષય માટે અલ્લામા ઝમખશરીની 'તફસીરે કેષાફ'માં સૂરએ તકવીરની એક આયતની તશરીહ (વિસ્તારપૂર્વક સમજુતી)નો ખુલાસો (ભાવાર્થ) રજુ કરીએ છીએ આપ ફર્માવે છે :–

જ્યારે બાળકીની ઉંમર છ (૬) વર્ષની થઈ જતી તો પતિ પત્નીને કહતો કે, તેણીને ખુશ્બુ લગાડ અને અલંકારોથી શણગાર. પછી તે પતિ પત્નીને કહીને તે લાચાર બાળકીને પોતાના સગા સંબંધીઓને ત્યાં મુલાકાત માટે લઈ જતો અને છેવટે જંગલ તરફ પ્રયાણ કરતો અને ત્યાં એક ઊંડો ખાડો ખોદતો અને તે બદનસીબને તેના કિનારે ઉભા રહેવાનો હુકમ કરતો. અને તે બાળકીને કેહતો કે તે ખાડામાં ધ્યાનપૂર્વક જુએ. અને તે જ સ્થિતિમાં તેણીને ધક્કો મારીને ખાડામાં ફેંકી દેતો અને તેના પર માટી નાખીને તેને દાટી દઈ જમીન સરખી કરી દેતો.''

જ્યારે કોઈ સ્ત્રી કોઈ ખાનદાનમાં જતી રહેતી તો તેણીની

સ્વતંત્રતા એકદમ જતી રહેતી અને તેણી તે ખાનદાનની મિલ્કત ગણાતી, તેણીને પોતાના માં બાપ, ભાઈ બહેનને મળવાની તદ્દન રજા ન હતી. અને તેણી તદ્દન એક નિર્જીવ ચીજની જેમ ઘણી જ તકલીફોમાં જીવન વ્યતીત કરતી.

ઈબ્ને જરીરે પોતાની તફસીરે તિબરીમાં વર્ણવ્યું છે કે,

''સ્ત્રી પોતાના પતિના મૃત્યુ બાદ તેના વારસોના હાથમાં જતી રહેતી. વિધવાનું માલિકીપણુ પ્રાપ્ત કરવા માટે તેણીના ઉપર એક ચાદર ઓઢાડી દેવામાં આવતી અને તે એ વાતની નિશાની હતી કે હવે તે સ્ત્રી ચાદર ઓઢાડનારના કબજામાં આવી ચૂકી છે. જો આ આફતો પામનારી સ્ત્રી સુંદર હોય તો તેણીને પોતાની પાસે રાખી લતો, નહીં તો તે કોઈ બીજાના હાથમાં ઘણી જ નિર્લજજપણે તેણીને વેચી મારતો.''

સ્ત્રી પર જુલ્મવર્ષા કેવળ અરબસ્તાનમાં જ નહીં બલ્કે પોતાની ખાસિયતોની વિવિધતા પ્રમાણે આખી દુનિયામાં થઈ રહી હતી.

**યુનાનીઓ**નું કથન હતું કે, આગથી દાઝી જવાનો અને સાપના દંશવાનો ઉપાય છે પરંતું સ્ત્રીના દંશવાનો (ખરાબીનો) ઈલાજ અશકય છે. એક યુનાની સાહિત્યકાર કહે છે કે, બે પ્રસંગોએ સ્ત્રી પુરૂષના માટે ખુશીનું કારણ હોય છે, એક તો શાદીના દિવસે બીજું તેણીના મૃત્યુના દિવસે.

આજે જેઓ સ્ત્રીની જૂઠી હમદર્દી જાહેર કરી આઝાદીના નામે સ્ત્રીને જાહેરમાં નગ્ન કરી નચાવી રહ્યા છે અને બેઈજ્જત બનાવી તેના શરીરને બજારમાં વેચાતુ મૂકી હરખાઈ રહ્યા છે તેમની ગઈકાલની હાલત પણ જોઈ લો :–

## ✫ યૂરોપ અને સ્ત્રી ✫

**યૂરોપ**માં પણ સ્ત્રી કોઈપણ પ્રકારની બાબતમાં સ્વતંત્ર ન હતી. તેણી પોતાની મરજીથી કોઈ નિર્ણય કરી શકતી ન હતી એટલે સુધી



કે એવી પણ છૂટ ન હતી કે પોતે કમાઈને પોતાના માટે ખર્ચ કરી શકે અને પોતાની પસંદગીથી શાદી કરે. છોકરીઓ માં બાપની મિલ્કત ગણાતી હતી, તેઓ જેની સાથે પણ ઈચ્છતા તેમની શાદી કરાવી આપતા. શાદી એક વેપાર ગણાતો જેના દ્વારા માં બાપ પોતાનાં પુત્રો પુત્રીઓને વેચતા રહેતા હતા.

સ્ત્રી સ્વતંત્રાના વિખ્યાત સુત્રધારી (Mill) પોતાના પુસ્તક ''સ્ત્રીઓની તાબેદારી''માં લખે છે કે, ''યૂરોપના ઈતિહાસમાં જોશો તો જાણવા મળશે કે; હજી વધુ સમય નથી પસાર થયો જ્યારે કે પિતા પોતાની પુત્રીને જ્યાં ઈચ્છે ત્યાં વેચી નાખતો હતો અને તેણીની ઈચ્છાની કાંઈ પરવા કરતો ન હતો.''

## ✫ યહૂદિયત અને સ્ત્રી ✫

**યહૂદિયત**ની ગણત્રી તે ધર્મોમાં થાય છે જેમણે કેવળ અમુક અકીદાઓ (માન્યતાઓ) જ નથી પ્રદર્શિત કર્યા બલ્કે તેના પાયા પર જીવન જીવવાની જરૂરી બાબતોની પણ વિગતે ચર્ચા કરી છે. એવા એક ધર્મ પાસે તો અપેક્ષા રાખી શકાતી હતી કે તે સ્ત્રી બારામાં વાસ્તવિકતા મુજબના વિચારો પ્રદર્શિત કરશે. પરંતું તે આપણી સમક્ષ એવા ખયાલો રજુ કરે છે કે, ''પુરૂષ નેક સ્વભાવ અને સારી આદતોવાળો છે અને સ્ત્રી કુટેવોવાળી અને પ્રપંચી છે. માણસ વંશજની પ્રથમ વ્યકિત હઝરત આદમ (અલયહિસ્સલામ) જન્નતમાં એશઆરામથી જિંદગી પસાર કરતા હતા કેમ કે આપ ખુદા તઆલાના આજ્ઞાંકિત હતા. પરંતું તેમના પત્ની હવ્વાએ સૌ પ્રથમ ખુદાની આજ્ઞાના ઉલંઘન માટે પ્રેર્યા અને તેમને એવું ફળ ખવડાવ્યું જેને ખાવાની ખુદા તઆલાએ તેમને મના કરી હતી. પરિણામે આપને ખુદાની નેઅમતોથી વંચિત કરી દેવામાં આવ્યા અને આપને મુશ્કેલીઓ તથા તકલીફોની જિંદગી નસીબ થઈ.''

'અહદનામા કદીમ'માં છે કે, જ્યારે ખુદા તઆલાએ હઝરત આદમથી દર્યાફત કર્યું (પુચ્છા કરી) કે, શું તેં ઝાડનું ફળ ખાધુ જેના

માટે તને હુકમ કર્યો હતો કે તેને ન ખાઈશ ?

તો આદમે (અલૈહિસ્સલામ) જવાબ આપ્યો કે, જે સ્ત્રીને તેં મારી સંગાથે કરી છે તેણે મને આ ઝાડનું ફળ આપ્યું અને મેં ખાધુ.

તો ત્યાર બાદ અલ્લાહ તઆલાએ હઝરત હવ્વાને ફર્માવ્યું કે, હું તારા હમલ (ગર્ભ)ની પીડાને વધારીશ અને તુ પીડા સાથે બાળકને જન્મ આપીશ. અને ખેંચાણ તારું તારા પતિ પ્રત્યે હશે અને તે તારા ઉપર હુકૂમત (સત્તા) ચલાવશે. *(પૈદાઈશ, ભાગ–૩)*

આ પ્રમાણે ગિત્તી પ્રકરણ–૩ નો અભ્યાસ કરો તો સ્ત્રીના માટે એવા નિયમો મળશે કે, તેણી તદ્દન લાચાર તથા મઝલૂમ (જેના પર જુલ્મ થયો હોય) જણાશે. એટલે સુધી કે યહૂદી કાનૂનની રૂએ પુરૂષ વારસની હાજરીમાં સ્ત્રી વારસાથી વંચિત થઈ જાય છે. એ જ પ્રમાણે સ્ત્રીને બીજા લગ્નનો હક ન હતો. *–(ઈન્સાયકલો પેડિયા બર્ટાનિકા)*

## ☆ ઈસાઈયત અને સ્ત્રી ☆

સ્ત્રીની સાથે ઈસાઈયતનું વલણ તો એથીયે અધિક અણછાજતું રહ્યું છે. તેનાથી સ્ત્રીને જેટલી નીચી કક્ષામાં ફેંકી શકાય તેટલી ફેંકી દીધી. સ્ત્રીના અનુસંધાનમાં ઈસાઈયત (ક્રિશ્ચયન, નસરાનિયત)ની ભાવનાઓનું અનુમાન તો **તરતૂલીસ** ના આ શબ્દો વડે લગાડી શકાય છે :–

''સ્ત્રીઓ ! તમે નથી જાણતી કે તમારામાંથી દરેક હવ્વા છે. ખુદાનો ફત્વો જે તમારી જાતિ પર હતો તે હજી પણ તમારામાં મૌજૂદ છે તો પછી જુર્મ (ગુનોહ) પણ તમારામાં મૌજૂદ હશે. તમે તો શૈતાનનો દરવાજો છો, તમે જ તો સરળતાપૂર્વક ખુદાની તસવીર એટલે પુરૂષને બગાડયો.''

**સેન્ટપાલ પોતાના એક પત્રમાં લખે છે કે**

'' સ્ત્રીએ મૂંગા મોઢે શ્રેષ્ઠ કક્ષાનું આજ્ઞાંકિતપણુ શીખવું જોઈએ. અને હું ઈજાઝત નથી આપતો કે તેણી શીખવાડે અથવા પુરૂષ પર



હુકમ ચલાવે, બલ્કે ચૂપચાપ રહે. કેમ કે પ્રથમ આદમ ત્યાર બાદ હવ્વા બનાવવામાં આવ્યાં. અને આદમે ધોકો નથી ખાધો બલ્કે સ્ત્રી ધોકો ખાઈને ગુનાહમાં પડી.''

*(થેમ્થસના નામે પુલિસનો પ્રથમ પત્ર, ભાગ–૨)*

એક અન્ય ખતમાં લખ્યું છે કે ''વળી હું તમને જાણ કરવા ઈચ્છું છું કે, દરેક પુરૂષનુ માથુ મસીહ અને સ્ત્રીનુ માથુ પુરૂષ અને મસીહનુ માથુ ખુદા છે. તે (પુરૂષ) ખુદાની સૂરત (રૂપ) અને જલાલ (મહાનતા) છે પણ સ્ત્રી પુરૂષનો જલાલ છે. એટલા માંટે કે પુરૂષ સ્ત્રીથી નથી બલ્કે સ્ત્રી પુરૂષથી છે અને પુરૂષ સ્ત્રીના માટે નથી બલ્કે સ્ત્રી પુરૂષના માટે છે. વળી ફરિશ્તાઓના સબબે સ્ત્રીએ જોઈએ કે પોતાના પર તાબા હેઠળ હોવાની નિશાની રાખે.''

## ☆ આપણા ત્યાં (ભારત)ની વાત ☆

હિન્દુઓમાં વિખ્યાત કાનૂન બનાવનાર મનુરાજે સ્ત્રીના બારામાં કહ્યું છે કે, સ્ત્રી બાળપણમાં પોતાના મા બાપને આધિન રહે અને યુવાનીમાં પતિના કબજામાં અને વિધવા થયા બાદ પોતાના પુત્રોના ઈખ્તિયારમાં રહે, સ્વઅધિકારી (ખૂદ મુખ્તાર) બનીને કદી પણ ન રહે. *(મનુ સ્મૃતિ, ૫–૧૪૮)*

''સ્ત્રી માટે કુર્બાની (ભોગ) અને વ્રત કરવું પાપ છે, (તેણીએ) કેવળ પતિ સેવા કરવી જોઈએ. સ્ત્રીએ જોઈએ કે પોતાના પતિના મૃત્યુ પછી બીજા પતિનું નામ પણ ન લે, ઓછા ખોરાક સાથે પોતાના જીવનના દિવસો પૂરા કરે. (૧૫૫–૧૫૭ :૫)

જૂઠું બોલવું સ્ત્રીઓની અંગત ખાસિયત છે. (૯–૧૭)

ચાણકય બ્રાહ્મણ લખે છે, દરિયો, સશસ્ત્ર સૈનિક, પંજા અને શિંગડાં ધરાવતાં પ્રાણીઓ, બાદશાહ તથા સ્ત્રી પર ભરોસો કરવો જોઈએ નહીં . *(ચાણકય નીતિ, ૧–૨૫)*

જૂઠ બોલવું, વગર વિચાર્યે કામ કરવું, છેતરપિંડી, મૂર્ખામી, લાલચ, નાપાકી, નિર્દયતા આ સ્ત્રીની જન્મજાત ખામીઓ છે. (બ.૨)

શાહઝાદાઓ પાસેથી રહણીકરણીની સભ્યતા, આલિમો (વિધ્વાનો) પાસેથી મધુર વાણી, જુગારીઓ પાસેથી દગાબાજી અને સ્ત્રીઓ પાસેથી પ્રપંચ શીખવો જોઈએ. (બઃ ૧૮–૮)

આગ, પાણી, નર્યો અજ્ઞાની, સાપ, શાહી ખાનદાન અને સ્ત્રી આ સર્વે બરબાદીના સબબો છે, તેમનાથી સાવચેત રહેવું જોઈએ. (૧૫–૫)

મિત્ર સેવા કરનારને અને સ્ત્રી ગરીબ માણસને ત્યજી દે છે અને જ્યારે તે ધનવાન થઈ જાય છે તો પછી તેની પાસે આવી જાય છે. (૧૫–૫)

વળી સતી પ્રથા પોતે જ એ વાત પુરવાર કરે છે કે અહીં સ્ત્રીના કોઈ નિશ્ચત અસ્તિત્વને સમજવામાં આવતુ નથી અને પતિના મૃત્યુની સાથે તેણી પાસેથી પણ જિંદગીનો હક્ક છીનવી લેવામાં આવે છે.

## ☆ સ્ત્રી પર ઈસ્લામના એહસાનો ☆

દુનિયાના ધર્મોના તમે અભ્યાસ કરતા જશો તો દરેક ઠેકાણે સ્ત્રી મજબૂર તથા મઝલૂમ (શોષણ પામેલ) જોવા મળશે સેવિકા તથા બાંદી જોવા મળશે. પરંતું ઈસ્લામે આ મઝલૂમ (જુલ્મ પામેલ) તબક્કા પર એટલા પ્રમાણમાં એહસાનો કર્યા છે કે જેની ગણત્રી નથી થઈ શકતી. સૌ પ્રથમ તો તેણે એ વાતને સખ્તી સાથે રદિયો આપ્યો કે તેણીનો સંબંધ શૈતાનથી છે. કુર્આને અઝીમે એ હકીકતને સ્પષ્ટ કરી આપી કે સ્ત્રી પણ એવી જ રીતે સજીવ અને માનને પાત્ર છે જેવી રીતે પુરૂષ છે. કેમ કે બંને એક માં બાપનાં સંતાન છે. બંને પર પોતાના કાર્યોની અલગ અલગ જિમ્મેદારી છે અને કોઈને બીજાનાં કાર્યો તથા અમલો માટે જિમ્મેદાર ઠરાવી શકાતુ નથી.

*(સૂ. નિસાઅ, આ–૩૨)*

એ જ પ્રમાણે ઈસ્લામે વારસામાં છોકરીને પોતાના ભાઈની ભાગીદાર ઠરાવી અને પતિના મૃત્યુ બાદ તેના વારસામાંથી તેણીને



એક નિશ્ચિત હિસ્સાની વારસદાર બનાવી. માં બાપ પર તેણીના ઉછેરની જિમ્મેદારી લાગુ પાડી અને તેણી સાથે ફરજો અદા કરવાની તાકીદ કરી. માં બાપથી વિદાય લીધા બાદ જ્યારે તેણી નિકાહના સંબંધ હેઠળ પોતાના પતિને ત્યાં જાય છે તો ત્યાં પણ તેણીના નિશ્ચિત હક્કો નક્કી કરવામાં આવ્યા. પુરૂષને તેણીના ભરણપોષણનો જિમ્મેદાર ઠરાવવામાં આવ્યો અને પુરૂષને એ વાતનો પાબંદ કરી દેવામાં આવ્યો કે તે તેણીના સાથે નમ્રતા તથા ભલાઈપૂર્ણ વર્તાવ કરે. પત્નીના સંબંધમાં જોડાતી વખતે તેણીના રાજીપાને જરૂરી ઠરાવવામાં આવ્યું. જો તેણી પોતાના પતિની સાથે રહી શકે તેમ ન હોય તો 'ખુલઅ' દ્વારા જુદા થઈ જવાનો અધિકાર તેને આપવામાં આવ્યો. ઈસ્લામે સ્ત્રી પર જેટલા પ્રમાણમાં એહસાનો કર્યા છે તેનો એક ગૈર મુસ્લિમ સ્ત્રીએ આ પ્રમાણે સ્વીકાર કર્યો છે :–

## ☆ ગૈર મુસ્લિમ સ્ત્રીનો એકરાર ☆

''મુહમ્મદ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ના આગમન થતાં પહેલાં સ્ત્રી સમાજમાં એકદમ હલકી માનવામાં આવતી હતી. તેની સ્થિતિ નિર્જીવ ચીજની જેમ હતી અને આ બધું યહૂદી પાદરીઓની તાલીમનો પ્રભાવ અને પરિણામ હતું. બેઈજ્જતી તેણીનું નસીબ બની ચૂકી હતી. તેણી ઘરના અન્ય સામાનોની જેમ એક હાથમાંથી બીજા હાથમાં ફરતી રહેતી હતી અને મરનારના વારસદારો જે રીતે ઈચ્છતા તેણીથી લાભ ઉઠાવતા. તેણીની રક્ષા તથા દેખરેખની કોઈ વ્યવસ્થા ન હતી. કોઈ કાનૂન એવો ન હતો જે તેણીનું રક્ષણ કરે. વારસામાં તેણીના માટે કોઈ હિસ્સો ન હતો. નબી અકરમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ને સ્ત્રીની આ મઝલૂમિયત (જુલ્મ વેઠતી સ્થિતિ) કોઈ કાળે માન્ય ન હતી. તેમણે આ નિરાધાર મખ્લૂકને બેઈજ્જતીના સ્થાનેથી ઉઠાવીને પુરૂષોની લગોલગ ઈજ્જત તથા અદબના સ્થાને ઉભી કરી અને પુરૂષ તથા સ્ત્રી વચ્ચે સમાનતાની તાલીમ આપી. તેમણે પુરૂષોના શયનકક્ષમાં સ્ત્રીઓના અમર્યાદિત પ્રવેશ પર પાબંદી લગાડી. તેમણે

નિકાહના સંબંધને પવિત્રતા આપી અને સ્ત્રીને વારસાના તથા ' ખુલઅ'ના હક્કો અતા કર્યા. પુરૂષ પર સ્ત્રીના ભરણપોષણની જિમ્મેદારીઓ નિયુકત કરી. તે ઉપરાંત આં હઝરત (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ યતીમો, લાચારો અને વિધવાઓના ભરણ પોષણ કરનારાઓ અને તેમની મદદ કરનારાઓને ખુદાને ત્યાં મહાન બદલાના હકદાર ઠરાવ્યા. હુઝૂરે સંસ્કૃતિની પ્રગતિમાં સ્ત્રીઓની સેવાઓને સંપૂર્ણ પણે સ્વીકારી. અને એ કારણે તેમની આધ્યાત્મિક તથા અખ્લાકી (સંસ્કારિક) પ્રગતિ તેને ઈસ્લામી કાયદામાં ખૂબ જ પ્રમાણમાં મહત્વ આપ્યું.

એ દૌરમાં જ્યારે હુઝૂર દુનિયામાં તશરીફ લાવ્યા તો દુનિયાની રીત ભાતમાં અસામાન્ય ક્રાંતિ હતી. અને તેનાથી જે ફેરફારો થયા તેને કોઈપણ યુગમાં ભુલાવી શકાય તેમ નથી.

*(મિસ નિલવરી, મુસ્લિમ વર્લ્ડ, ન્યુયોર્ક, જાન્યુ.૧૯૪૦)*

કુર્આને પાકની **સૂરએ નિસાઅ**માં ખાસ કરીને સ્ત્રીઓ અને યતીમોના હક્કો વર્ણન કરવામાં આવ્યા છે. તેમાં અલ્લાહ તઆલા એ લોકોના દિલોમાં એ વાત બેસાડી છે કે, તે તેમની તમામ કાર્યવાહીઓને જાણનાર તથા જોનાર પણ છે, તેમજ તેમની દેખરેખ કરનાર પણ છે. અલ્લાહ તઆલાએ પોતાની આ સિફત (ગુણ)ને જેટલી વાર અહીં દોહરાવી છે લગભગ કોઈ બીજે ઠેકાણે નથી દોહરાવી. એનો મતલબ એ છે કે કૌટુંબિક મામલાઓ એ પ્રકારના નથી હોતા કે તે સર્વ કાનૂની પાબંદીઓની પકડમાં આવી શકે. ખાસ કરીને પતિ પત્નીનો સંબંધ તો એવો છે કે કાનૂની પાબંદી તેને સમારી નથી શકતી. જેથી તે સંબંધોમાં ખુદાનો ડર જ હમેશાં લેહાઝમાં રાખવો જોઈએ અને બંને પક્ષ આ હકીકત સંપૂર્ણતઃ દિમાગમાં બેસાડી રાખવી જોઈએ કે, તે જો કે કાનૂની પકડથી તો બચી શકે છે અથવા એક વર્ગ બીજા વર્ગ પર કોઈ કાનૂની બહાના દ્વારા દાબ વધારી શકે છે પરંતુ તેનું આ કૃત્ય કોઈ કાળે પણ અલ્લાહ તઆલાથી છુપુ રહેશે નહીં.



ઈસ્લામે નિકાહના સંબંધને ન કેવળ પવિત્ર બનાવ્યો છે બલ્કે તેણે કાદિરે મુત્લક (ખુદા તઆલા)ને તેના પર ગવાહ (સાક્ષી) પણ ઠરાવ્યો છે.

મતલબ કે કુર્આન મજીદે એવો દાવો કર્યો કે કાનૂનની કિતાબમાં, સંસ્કૃતિની પુસ્તિકામાં અને હક્કોની યાદીમાં સ્ત્રી અને પુરૂષને એક એવી હેસિયત આપવામાં આવે કે જેથી બંનેની ઈજ્જત તથા ઝિલ્લત (બેઈજ્જતી)નું ધોરણ સમાન હોય, બંનેની પ્રગતિ તથા સફળતાના અવકાશો સમાન હોય, બંનેના જાન તથા માલની અને ઈજ્જત તથા આબરૂની સમાન રીતે રક્ષા કરવામાં આવે, કેમ કે બંનેના હક્કો સમાન છે. બંને સમાન રીતે એક બીજાનાં મોહતાજ છે. એમાં બેઈજ્જતી હલકાપણુ અને ઈજ્જત તથા મોટાપણાને પ્રશ્ન ઉદ્‌ભવતો નથી. કુર્આને કરીમે વારંવાર નવા નવા અંદાઝમાં આ વાસ્તવિકતાને સ્પષ્ટ કરી છે.

એક ઠેકાણે ઈર્શાદ ફર્માવ્યો, (તર્જુમો) : **''તેણી તમારા લિબાસ અને તમે તેના લિબાસ છો.''** વિચાર કરો ! કેટલી સુંદર તાબીર છે ! જાણે કે કુર્આન એવું કહેવા ઈચ્છે છે કે, પુરૂષની જિંદગીમાં એવા ઘણો અતૃપ્ત પાસાંઓ છે જેની તૃપ્તિનો સામાન સ્ત્રી જ થઈ શકે છે અને ખૂદ સ્ત્રીની જિંદગીની ઘણી બાજુઓ પુરૂષ વિના પૂર્ણતા માટે મોહતાજ રહે છે. અને એક અન્ય ઠેકાણે કુર્આને કરીમે ફર્માવ્યું કે, **આ સંબંધ ગુસ્સો તથા નફરતનો નથી પણ પ્રેમ તથા મહોબ્બતનો સંબંધ છે. તેનું સર્જન અદાવત તથા નફરતના તત્વો (અનાસિર) વડે નહીં બલ્કે તેમાં પ્રેમ તથા મહોબ્બતનું મિશ્રણ કરવામાં આવ્યું છે. આ સંબંધ અદાવત તથા નફરતના બીજ રોપવા માટેનો નથી બલ્કે દિલની પરેશાનીની રાહતના માટે અસ્તિત્વમાં આવ્યો.**

**કુર્આન ફર્માવે છે :–** ''તેની નિશાનીઓમાંથી એક એ છે કે તેણે તમારા માટે તમારામાંથી જ જોડાં પૈદા કર્યા જેથી કરીને તમે તેનાથી સંતોષ પ્રાપ્ત કરો. અને તેણે (ખુદાએ) તમારા વચ્ચે

મહોબ્બત અને પ્રેમ પૈદા કરી દીધો. નિઃશંક ! તેમાં ચિંતન વિચાર કરનારાઓ માટે નિશાનીઓ છે.'' (સૂરએ રૂમ, રૂકૂઅ–૩)

## ☆ પતિના હક્કો ☆

સૂરએ રૂમની ઉપરોકત આયતમાં ત્રણ વાતો વર્ણન કરવામાં આવી છે, જે દાંપત્ય જીવન વ્યવસ્થા માટે પાયાની શીલા છે અને જેની કાળજી પતિ તથા પત્ની બંનેએ સમાન રીતે રાખવી જરૂરી છે.

(૧) પુરૂષોને જણાવવામાં આવ્યું કે તમારી પત્નીઓ તમારી જ જાતિમાંથી સર્જન પામેલ છે, તમારી જેમ જ ઈચ્છાઓ, ભાવનાઓ અને લાગણીઓ તેમનામાં પણ સમાએલ છે, નિર્જીવ મખ્લૂક અને નિસ્ચેત શરીર નથી.

(૨) તેમના સર્જનનો આશય એ પણ છે કે તે તમારા માટે રાહત તથા સંતોષનો સામાન છે, તમારા માટે દિલી સંતોષનો સબબ છે, તમારા દર્દનો ઈલાજ અને તમારા ગમનો ઉપાય છે. તમારા માટે પૈદા કરવામાં આવી છે કે તમારો જીવ તેનાથી લાગે, તેનાથી બેહલે.

(૩) તમારા અને તેણીના સંબંધોનો પાયો જ મહોબ્બત નિખાલસતા અને સહાનુભૂતિ પર હોવો જોઈએ. દરેક માણસને પોતાના સાથના માટે પોતાની સમજાતિની શોધ હોય છે અને આ ખુદાની પેદા કરેલ ફિતરત (પ્રકૃતિ) છે જેથી પતિ તથા પત્નીના આપસમાં નિખાલસ પ્રેમને અલ્લાહ તઆલાએ પોતાની નિશાનીઓમાંથી એક નિશાની ઠરાવી છે. કુર્આને કરીમે એક સંતોષ (સુકૂન) શબ્દ વડે પત્નીના સાથની જે હકીકતને સ્પષ્ટ કરી છે તે પતિ પત્નીના સંબંધોની ફિલોસોફીને પોતાનામાં સમાવે છે. તેની આંત્રિક અંગત જિંદગીની ખેંચતાણ તથા મુશ્કેલીઓમાં સાંત્વન તથા સંતોષ તથા આરામ માટેની જગા હોવી જોઈએ અને પતિ પત્નીના આપસના સંબંધોમાં એટલું ખુશ્નુમા વાતાવરણ હોવું જોઈએ જેનાથી સ્ત્રીના સર્જનનો હેતુ પૂર્ણ થાય. એટલે કે આપસમાં નિખાલસ પ્રેમ, લાગણી અને ચૈન હોવાં જોઈએ. જો કોઈનાથી હેતુઓ પૂર્ણ ન થયા



તો તેમાં બંનેનો અથવા બેમાંથી કોઈ એકનો વાંક છે, આ પરસ્પર મેલ જોલ કઈ રીતે સ્થપાઈ શકે છે, તેનો કેવળ એક માર્ગ છે અને તે એ કે પત્ની પતિનું આજ્ઞા પાલન કરે અને પતિ પત્નીને ખુશ રાખે.

પતિ પત્ની બંને આપસમાં હક્કોના આધારે લગભગ સમાન છે. પરંતુ જેવી રીતે બાપ અધિકારી થઈને રહે અને પુત્ર આજ્ઞાંકિત રહે, અને બાપ હુકમ આપે અને પુત્ર માને, એ જ રીતે સમાજના વ્યવસ્થા તંત્રમાં પુરૂષને સ્ત્રી પર પ્રતિનિધિત્વ પ્રાપ્ય છે.

કુર્આને કરીમ ફર્માવે છે, ( તર્જુમો) :– ''પુરૂષ સ્ત્રીઓ પર હાકિમ, તેમના કાર્યોની વ્યવસ્થા કરનારા અને હુકમ લાગુ પાડનારા છે. અને દુનિયાના વ્યવસ્થા તંત્ર અને અંગત સંચાલનમાં સ્ત્રી પુરૂષને આધિન તથા તેના તાબા હેઠળ છે.''

અને એટલા માટે કે પુરૂષને પોતાની શારીરિક શકિત અને દિલ તથા દિમાગની બેહતરી પ્રાપ્ય છે. અને બીજું એ કે સ્ત્રી ખર્ચમાં પુરૂષની જરૂરતમંદ રહે છે.

અને પુરૂષ સ્ત્રીના જાઈઝ ખર્ચાનો બોજ ઉઠાવે છે એટલા માટે નેક (ભલી) પત્નીની નિશાની એ છે કે, તેણી પતિની ગેરહાજરીમાં તેની ઈજ્જત તથા આબરૂ અને તેના માલ તથા સંપત્તિની દેખરેખ રાખે અને દરેક સમયે પોતાની અને પોતાના પતિની ઈજ્જત આબરૂ (પ્રતિષ્ઠા) અને માલનો ખયાલ રાખે. અલ્લાહ તઆલાએ તેણીમાં પોતાના ચારિત્રનો ખયાલ અને પતિની વફાદારીની ભાવના પેદા કરીને તેને સુરક્ષિત કરી દીધેલ છે. સંક્ષિપ્ત શબ્દોમાં સ્ત્રીની જિમ્મેદારીમાં આ ત્રણ ફરજો છે જે કુર્આને કરીમે તેણીના પર લાગુ પાડી છે :–

(૧) પોતાના પતિની આજ્ઞાંકિત અને વફાદાર હોય.

(૨) સુઘડ (સમજુ) હોય, પતિના માલ દૌલતને બર્બાદ ન કરે.

(૩) ચારિત્રવાન હોય કે પોતાની અને પોતાના પતિની ઈજ્જત આબરૂમાં આંચ ન આવવા દે.

# પતિના હક્કો હદીષની રોશનીમાં

પતિનો મહાન હક પત્ની પર છે. **પતિને ખુશ (રાજી) રાખવો મોટી ઈબાદત છે** અને નારાજ તથા ઉદાસ રાખવો ઘણો જ મોટો ગુનોહ છે. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) એ ફર્માવ્યું છે કે,

**(૧)** જો હું ખુદા સિવાય કોઈ અન્યને સિજદો કરવાનો હુકમ આપત તો સ્ત્રીઓને હુકમ કરત કે તેણીઓ પોતાના પતિઓને સિજદો કરે.

**(૨)** જે સ્ત્રીને એવી સ્થિતિમાં મૃત્યુ આવે કે મૃત્યુવેળા તેનો પતિ તેનાથી ખુશ હોય તો તે (સ્ત્રી) જન્નતમાં જશે.

**(૩)** જ્યારે કોઈ પતિ કોઈ પત્નીને કોઈ કામના માટે બોલાવે તો તે સ્ત્રી ચુલાની પાસે બેઠી હોય પણ તેના માટે જરૂરી છે કે તે ઉઠીને પતિની પાસે ચાલી આવે.

**(૪)** જ્યારે કોઈ પુરૂષ પોતાની પત્નીને એવો હુકમ આપે કે પીળા રંગના પહાડને કાળો અને કાળા રંગના પહાડને સફેદ બનાવી આપે તો સ્ત્રીએ પોતાના પતિના એ હુકમને પણ પાળી બતાવવો જોઈએ. *(મિશ્કાત, ભાગ–૨, પેજ–૨૮૩, મુજબતબા)*

**ફાયદો :–** મતલબ એ છે કે એકદમ કઠિન કામનો પણ પતિ હુકમ આપે તો પણ સ્ત્રીએ તેની અવગણના ન કરવી જોઈએ, બલ્કે તેની દરેક આજ્ઞાના પાલન માટે પોતાની શકિત મુજબ તૈયાર રહેવું જોઈએ. એક અન્ય ઠેકાણે અલ્લાહના રસૂલે (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) ઈર્શાદ ફર્માવ્યો :

**(૫)** જ્યારે પતિ સ્ત્રીને પોતાના બિછાને બોલાવે અને સ્ત્રી આવવાની ના પાડી દે અને તેનો પતિ એ વાતથી નારાજ થઈને સૂઈ જાય તો આખી રાત ખુદાના ફરિશ્તા તે સ્ત્રી પર લાનત કરતા રહે છે.

**(૬)** સ્ત્રી ઈમાનની મજા (આસ્વાદ) પામશે નહીં જ્યાં સુધી પતિનો હક અદા ન કરી આપે. *(તિબરાની)*



**(૭)** સ્ત્રી પર પતિનો હક એવો છે કે તેના બિછાનાને ન છોડે અને તેની કસમને સાચી ઠરાવે અને તેની રજા વિના બહાર ન જાય અને એવી વ્યકિતને ઘરમાં આવવા ન દે જેનું આવવું પતિને નાપસંદ હોય. *(તિબરાની)*

**(૮)** સ્ત્રી જ્યારે પાંચેવ નમાઝો પઢે અને રમઝાન માસના રોઝા રાખે અને પોતાની ઈજ્જત તથા ચારિત્રની રક્ષા કરે તો જન્નતના જે દરવાજેથી ઈચ્છે પ્રવેશ કરે. *(અબૂ નુઈમ)*

**(૯)** જે સ્ત્રી ખુદાના હુકમોનું પાલન કરે અને પતિના હક્કો અદા કરે અને નેક કામની યાદ અપાવે અને પોતાના ચારિત્ર તથા તેના માલમાં અપ્રમાણિકતા ન કરે તો તેના અને શહીદોના વચ્ચે જન્નતમાં એક દરજ્જાનો ફરક હશે. વળી તેનો પતિ ઈમાન સાથે નેક આદતોવાળો છે તો તે જન્નતમાં તેની પત્ની છે, નહીં તો શહીદોમાંથી કોઈક તેણીનો પતિ થશે. *(તિબરાની)*

**(૧૦)** તે સ્ત્રી જેનો પતિ નારાજ છે તેની નમાઝ કબૂલ નથી થતી અને કોઈ નેકી બુલંદ નથી થતી. *(બયહકી)*

**(૧૧)** જ્યારે સ્ત્રી પોતાના પતિને તકલીફ પહોંચાડે છે તો હૂરો કહે છે કે, ખુદા તને કત્લ કરે ! તેને તકલીફ ન આપ ! એ તો તારી પાસે મહેમાન છે અને નજીકમાં જ તારાથી અલગ થઈને અમારી પાસે આવશે. *(તિર્મિઝી શરીફ)*

**(૧૨)** પરહેઝગારી (તકવા) પછી નેક પત્નીથી વધીને કોઈ ચીજ નથી. પતિ તેણીને જે કહે તે માને, જ્યારે પતિ તેણી પ્રત્યે જુએ તો ખુશ કરી આપે અને જો પતિ કસમ આપીને કાંઈ કહે તો તેણી તેને પૂર્ણ કરી આપે. *(ઈબ્ને માજહ)*

**(૧૩)** કોઈ સ્ત્રી પોતાના રબના હક્કો અદા નથી કરી શકતી જ્યાં સુધી કે તે પોતાના પતિના હક્કો અદા ન કરે.

*(હાકિમ તથા તરગીબ)*

**(૧૪)** એક સ્ત્રી એ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ

વસલ્લમ)ને પૂછયું કે, પતિનો પત્ની પર શું હક્ક છે ? તો આપે ફર્માવ્યું કે, પતિનો હક્ક પત્ની પર એવો છે કે, જો પતિનું શરીર ઝખ્મો વડે ભરાઈ ગયું હોય અથવા તેના નાક વાટે લોહી કે પરૂ વહેતુ હોય અને પત્ની તેને જીભ વડે ચાટે પછી તેને ગળી જાય તો પણ તેનો હક્ક અદા થશે નહીં.

**(૧૫)** કિયામતના દિવસે મર્તબામાં અલ્લાહ તઆલાની નજીક સૌથી વધુ તે શખ્સ ખરાબ હશે જે પોતાની પત્ની સાથે (એકાંતમાં) મળે અને તેણીની વાત લોકોને કહે. અને તે સ્ત્રી પણ ઘણી જ ખરાબ હશે જે પોતાના પતિથી હળી મળી અને તે વાત લોકોમાં જાહેર કરે.

*(મુસ્લિમ)*

**(૧૬)** કુકર્મી સ્ત્રીની બુરાઈ હજારોના કુકર્મોની બરાબર છે અને નેક સ્ત્રીની નેક સતર (છુપાવવાની જગા) સિદ્દીકો અને વલીઓની નેકીના બરાબર છે. અને ફર્માવ્યું કે, સ્ત્રી પોતાના ઘરના કારોબારમાં લાગેલી રહે તો જો ખુદાએ ઈચ્છયું તો મુજાહિદોના જેટલો સવાબ પામશે. *–(કન્ઝુલ ઉમ્માલ)*

## ☆ પતિ સાથે જીવન નિર્વાહનો તરીકો ☆

પતિ પત્નીનો સંબંધ એક એવો મજબૂત સંબંધ છે કે આખી જિંદગી એ બંધનમાં રહીને પસાર કરવાની છે. જો પતિ પત્નીમાં પૂરેપૂરી એકયતા અને મનમેળ રહ્યો તો એથી વિશેષ કોઈ નેઅમત નથી. અને જો કોઈ પતિ પત્ની વચ્ચે મતભેદ ઉદ્‌ભવ પામ્યો અને ઝઘડા કંકાસની પરિસ્થિતિ સર્જાઈ તો એથી વિશેષ કોઈ મુસીબત નથી. કેમ કે એનાથી પતિ પત્ની બંનેનું જીવન જહન્નમ બની જાય છે. અને બંને જણ જીવનભર ગુંગળામણ અને બળાપાની આગમાં સળગતાં રહે છે. વર્તમાનકાળમાં પતિ પત્નીના ઝઘડા કંકાસ એટલા પ્રમાણમાં વધી ગયા છે કે હજારો પુરૂષો તથા હજારો સ્ત્રીઓ આ બલામાં સપડાએલાં છે. અને મુસલમાનોના હજારો કુટુંબો આ



મતભેદની આગમાં સળગી રહ્યાં છે. અને પતિ પત્ની બંને પોતાની જિંદગીથી ત્રાસી જઈને રાત દિવસ મરવાની દુઆ માંગતાં રહે છે. એટલા માટે અમે યોગ્ય સમજીએ છીએ કે આ સ્થાને કેટલીક એવી નસીહતો લખી દઈએ કે જો સ્ત્રી પુરૂષ તેના પર અમલ કરવા લાગે તો અલ્લાહ તઆલાથી ઉમ્મીદ છે કે પતિ પત્નીના ઝઘડાઓથી સમાજ સદંતર પવિત્ર થઈ જશે અને મુસલમાનોનું દરેક ઘર શાંતિ તથા ચૈન સંતોષની જન્નત બની જશે.

**(૧)** દરેક સ્ત્રી પતિના ઘરમાં કદમ રાખતાં જ પોતાના માટે એ અનિવાર્ય સમજી લે કે તે દરેક વખતે દરેક સ્થિતિમાં પોતાના પતિનું દિલ પોતાના હાથમાં લઈને જીવતી રહે અને તેના ઈશારાઓ પર ચાલતી રહે. જો પતિ હુકમ આપે કે આખો દિવસ તડકામાં ઉભી રહે અથવા આખી રાત જાગી જાગીને મને પંખો હલાવતી રહે, તો સ્ત્રી માટે દુનિયા તથા આખેરતની ભલાઈ એમાં જ છે કે થોડી તકલીફ ઉઠાવીને અને ધીરજ રાખીને આ હકુમનું પણ પાલન કરે અને કયારે પણ કોઈ પણ હાલતમાં પતિના હુકમની અવગણના ન કરે.

**(૨)** દરેક સ્ત્રીએ જોઈએ કે તેણી પોતાના પતિના સ્વભાવને પારખી લે અને ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરતી રહે કે તેના પતિને કઈ કઈ ચીજો અને કઈ કઈ વાતો અણગમતી છે, અને તે કઈ કઈ વાતોથી ખુશ થાય છે અને કઈ કઈ વાતોથી નારાજ થાય છે. ઉઠક બેઠકમાં, સૂવા જાગવામાં, પહેરવા ઓઢવામાં અને વાતચીતમાં તેની આદતો તથા શોખ કયા અને કેવા છે, એ રીતે પતિનો સ્વભાવ ખૂબ જ સારી પેઠે જાણી લે, ત્યાર બાદ સ્ત્રીએ જોઈએ કે તેણી દરેક કામ તેના પતિના સ્વભાવને અનુરૂપ કરે અને કદી પણ કોઈ પણ કામ પતિના સ્વભાવની વિરૂધ્ધ થવા ન પામે.

**(૩)** સ્ત્રીએ જોઈએ કે પુરૂષને કદી પણ કટુવાણી ન સંભળાવે અને ન તેની સમક્ષ ગુસ્સામાં ચીસો પાડી પાડીને બોલે, તેની વાતોનો કડવો તીખો જવાબ ન આપે. ન કદી તેને મહેણુ મારે ન પજવે અને

ન તેની લાવેલી ચીજોમાં ખામી કાઢે અને ન પતિના મકાન તથા સામાનને હલકુ જણાવે.

ન પતિના માં બાપ અથવા તેના ખાનદાન અથવા તેની શિકલ તથા સૂરતના વિશે એવી વાત કરે જેનાથી પતિના દિલને ઠોકર લાગે અને ફોગટમાં તેને સાંભળીને ખોટુ લાગે. આ પ્રકારની વાતોથી પતિનું દિલ દુઃખાઈ જાય છે અને ક્રમે ક્રમે પતિને પત્નીની નફરત થવા લાગે છે જેનું પરિણામ લડાઈ ઝઘડા સિવાય કાંઈ નીકળતું નથી. એટલે સુધી કે પતિ પત્નીમાં જબરદસ્ત બગાડ પેદા થઈ જાય છે જેનું પરિણામ એવું નીકળે છે કે કયાં તો તલાકની નોબત આવે છે અથવા તો પત્ની પોતાના પિયરમાં બેસવા માટે મજબૂર થઈ જાય છે અને પોતાની ભાભીઓના મહેણાં સાંભળીને ગુંગળામણની ભટ્ટીમાં એ જ પ્રમાણે સળગતી રહે છે. અને પિયર તથા સાસરીના બંને કુટુંબો વચ્ચે મતભેદની આગ ભડકી ઉઠે છે, તો વળી કયારેક કોર્ટ કચેરીના ચક્કર કાપવાના થાય છે, અને કયારેક મારપીટ થાય અને પોલીસ કેસોનો અવિરત ચાલનારો ક્રમ ચાલુ થઈ જાય છે, અને પતિ પત્નીની જિંદગી જહન્નમ બની જાય છે અને બંને કુટુંબો લડી ઝઘડીને તબાહ તથા બર્બાદ થઈ જાય છે.

**(૪)** સ્ત્રીએ જોઈએ કે પતિની આવકની સ્થિતિ જોઈને તેનાથી વધારે ખર્ચ ન માંગે બલ્કે જે કાંઈ મળે તેના પર સબ્ર તથા શુક્રની સાથે પોતાનુ ઘર સમજીને ધૈર્ય તથા હસી આનંદ સાથે જીવન પસાર કરે. જો કોઈ ઘરેણુ અથવા કપડું અથવા સામાન પસંદ પડી જાય અને પતિની આર્થિક સ્થિતિ એવી નથી કે તે તેને લાવી શકે તો કદી પણ તેની ફર્માઈશ ન કરે.

**(૫)** સ્ત્રીએ કદી પણ પોતાના પતિના દેખાવ પર કટાક્ષ ન કરવો જોઈએ અને ન કદી પતિનું અપમાન તથા નાશુક્રી કરે અને કદી પણ ભૂલે ચૂકે પણ કડવા વેણ ન કાઢે.

**(૬)** પત્ની માટે જરૂરી છે કે હમેશાં ઉઠતા બેસતાં, વાતચીતમાં, દરેક સ્થિતિમાં પતિ સમક્ષ સભ્યતા સાથે રહે અને તેની



માનમર્યાદાનો ખયાલ રાખે. પતિ જ્યારે કદી બહારથી આવે તો પત્નીએ જોઈએ કે સૌ કામ છોડીને ઉભી થઈ જઈને પતિની તરફ ધ્યાન આપે અને તેની ખબર પૂછે અને તુરંત તેને આરામ તથા રાહતની વ્યવસ્થા કરી આપે, અને કોઈ એવી વાત ન કરે જેનાથી પતિના દિલને દુઃખ પહોંચે.

**(૭)** જો પતિની કોઈ વાતથી પત્નીને ગુસ્સો આવી જાય તો કોઈ વાત એ રીતે ન બોલે કે પતિનો ગુસ્સો ઓર વધી જાય.

**(૮)** સ્ત્રીએ જોઈએ કે પતિ પાસેથી તેની આવક તથા ખર્ચનો હિસાબ ન માંગ્યા કરે કેમ કે પતિઓના ખર્ચ પર સ્ત્રીઓની રોકટોકથી સામાન્યતઃ પતિઓને ખીજ ચઢે છે.

**(૯)** જ્યાં સુધી સાસુ સસરા જીવતાં છે ત્યાં સુધી સ્ત્રી માટે જરૂરી છે કે તે બંનેની પણ તાબેદારી અને સેવા ચાકરી કરે અને શકય હોય ત્યાં સુધી તેમને ખુશ રાખે. નહીં તો યાદ રાખો કે પતિ તે બંનેનો પુત્ર છે, જો તે બંનેએ પોતાના પુત્રને ડરાવી ધમકાવીને ચાવી ચઢાવી તો ચોક્કસ પતિ પત્નીથી નારાજ થઈ જશે અને પતિ પત્ની બંનેના સંબંધો વેરવિખેર થઈ જશે. એ જ પ્રમાણે પોતાના જેઠો, દિયરો અને નણંદો, ભાણ્યાંઓની સાથે પણ ખુશદિલી પૂર્વક વર્તે અને સૌનું દિલ રાજી રાખવા પ્રયત્નશીલ રહે.

**(૧૦)** સ્ત્રીને સાસરીમાં કોઈ તકલીફ પહોંચે તો કદી પણ પિયરમાં આવીને ચુગલી ન ખાઈ, કેમ કે સાસરીની નાની નાની વાતોની ફરિયાદ પિયરમાં આવીને માં બાપને કરવી એ ખૂબ જ ખરાબ તથા બુરી વાત છે. સાસરીવાળાઓને એ વાતથી ખૂબ જ ખોટુ લાગે છે એટલે સુધી કે બંને ઘરો વચ્ચે બગાડ અને લડાઈ ઝઘડા શરૂ થઈ જાય છે, પરિણામે પતિ પત્ની વચ્ચે ઝઘડા ઉભા થાય છે અને જિંદગી જહન્નમનો નમૂનો બની જાય છે.

**(૧૧)** સ્ત્રીએ જોઈએ કે શકય હોય ત્યાં સુધી પોતાના શરીરના કપડાંની સ્વછતા અને સફાઈનું ધ્યાન રાખે, મેલી ઘેલી અને અણઘડ

બનેલી ન રહે બલ્કે પોતાના પતિની મરજી તથા સ્વભાવ મુજબ શણગાર પણ કરતી રહે. કમસે કમ હાથ પગમાં મેંદી, કાંસકી, ચોટલો, સૂરમો, કાજળ વગેરેની કાળજી કરતી રહે (પણ લાલી, લીપસ્ટીક, હેરકર્ટીંગથી તો દૂર જ રહે ! શણગાર પતિ માટે જ કરે, તે પણ શરઈ હદમાં રહીને જ) જેથી કયાંક પતિ તેના અણઘડપણાને લઈને અન્ય સ્ત્રીઓની પ્રત્યે નજરો દોડાવતો ન થઈ જાય, નહીં તો તે સ્ત્રીએ જીવનભર રડવા પીટવા સિવાય અન્ય કોઈ આરો રહેશે નહીં.

**(૧૨)** સ્ત્રીએ જોઈએ કે પ્રથમ પોતાના પતિ તથા સાસરીના અન્ય માણસોને ખવડાવે પછી પોતે ખાય. આ રીતે કરવાથી પતિ અને તેના ઘરવાળાઓના દિલમાં સ્ત્રીની કદર તથા ઈજ્જત અને મહોબ્બત વધી જશે.

## ☆ ઉત્તમ પત્નીની ઓળખ ☆

(૧) ઉત્તમ પત્ની તે છે જે પોતાના પતિનું આજ્ઞાપાલન તથા તેની સેવા ચાકરીને પોતાની ખાસ ફરજ સમજે.

(૨) જે પતિની સર્વ હક્કો અદા કરવામાં ઉણપ ન વર્તે.

(૩) જે પતિના ખૂબીઓ તરફ ધ્યાન રાખે અને ખામીઓ તથા ઉણપોની પ્રત્યે ધ્યાન ન ધરે. (દર ગુઝર કરતી રહે)

(૪) જે પોતે તકલીફ વેઠીને પોતાના પતિને સગવડ પહોંચાડવાની કોશિશ કરતી રહે.

(૫) જે પોતાના પતિની પાસે તેની આવકથી વિશેષ માંગણીઓ ન કરે.

(૬) જે પોતાના પતિ સિવાય કોઈ અજનબી પુરૂષ નામહરમ પર નિગાહ ન નાખે, ન અન્યની નજર પોતાના ઉપર પડવા દે.

(૭) પર્દામાં રહે અને પોતાના પતિની પ્રતિષ્ઠા તથા આબરૂની રક્ષા કરે.

(૮) જે પતિના માલ, સામાન તથા મકાન અને ખૂદ પોતાની



જાતને પતિની અમાનત સમજીને દરેક ચીજની રક્ષા તથા દેખરેખ કરતી રહે.

(૯) જે પોતાના પતિની મુસીબતમાં પોતાના જાનમાલની કુર્બાની સાથે પોતાની વફાદારીની સાબિતી આપે.

(૧૦) જે પોતાના પતિના દાબ તથા જુલ્મ પર હમેશાં સબર કરતી રહે.

(૧૧) જે સાસરીમાં તથા પિયરમાં સૌની પ્યારી, દિલ જીતનારી અને ઈજ્જતવાન (આવારા નહીં) હોય.

(૧૨) જે પડોશીઓ તથા હળતી મળતી સ્ત્રીઓની સાથે સદ્‌વર્તાવ અને શરાફત તથા માણસાઈભર્યો વર્તાવ કરે અને સૌ તેની ખૂબીઓના પ્રશંસક હોય.

(૧૩) જે મઝહબની પાંબદ અને દીનદાર હોય અને હુકૂકુલ્લાહ (ખુદાનો હક્કો) અને હુકૂકુલ એબાદ (બંદાઓના હક્કો)ને અદા કરતી હોય.

(૧૪) જે સાસરીવાળાઓની કડવી વાતો પણ સહન કરતી હોય.

(૧૫) જે બધાં ઘરનાં સભ્યોને ખવડાવી પીવડાવીને છેલ્લે જમતી હોય. *–(જન્નતી ઝેવર)*

## ☆ પત્નીના હક્કો ☆

નેક સ્ત્રી દુનિયાની સૌથી મોટી નેઅમત છે. રહમતે આલમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)નો ઈર્શાદે ગિરામી છે, (અર્થ) : દુનિયા લાભ ઉઠાવવાની ચીજ છે અને સૌથી શ્રેષ્ઠ ચીજ ''નેક સ્ત્રી'' છે. *(મુસ્લિમ)*

બીજી હદીષમાં તેની વિગત આ પ્રમાણે ફર્માવી છે, ''અલ્લાહ તઆલાના તકવા (પરહેઝગારી) અને ઈમાન પછી મુસલમાન માણસના માટે સૌથી બેહતર ચીજ નેક સ્ત્રી છે કે તેણીને જે હુકમ આપવામાં આવે તેનું પાલન કરે અને જો તેણી તરફ જુએ તો ખુશ

કરી દે. અને જો તેણીને છોડીને પરદેશ વગેરે કયાંય ચાલ્યો જાય તો તેની ગેરહાજરીમાં પોતાના નફસની (મનેચ્છાઓની) અને પતિના માલની રક્ષા કરે. *(ઈબ્ને માજહ)*

સ્ત્રીઓનો હક્ક પુરૂષો પર એવી રીતે છે કે જેવી રીતે પુરૂષોનો હક્ક સ્ત્રીઓ ઉપર છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

"જેવી રીતે પુરૂષોનો હક્ક સ્ત્રીઓ પર છે તેવી જ રીતે નિયમાનુસાર સ્ત્રીઓનો હક્ક પુરૂષો ઉપર પણ છે."

સ્ત્રી શારીરિક અને પેદાઈશી હેસિયતથી અતિશય અશકત અને નમણી (નાઝુક) હોય છે એટલા માટે તેના દિલને રાજી રાખવાની વધારે અગત્યતા હોય છે. દરેક શકય તરીકાથી તેના નાઝ ઉઠાવવાની અને હક્ક અદા કરવાની અને સભ્ય વર્તાવથી વર્તવાની ખૂબ જ આવશ્યકતા છે. સૂરએ નિસાઅમાં અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે, "તમે સ્ત્રીઓની સાથે ખૂબ જ સારા તરીકાની સાથે જિંદગી પસાર કરો. તેણીઓ તમને પસંદ નથી તો બની શકે છે કે તમને એક (કોઈ) ચીજ પસંદ ન આવે અને અલ્લાહ તઆલાએ તેમાં મોટી ખૂબી રાખેલી છે."

હદીષ શરીફમાં પણ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) એ ફર્માવ્યું જેનો નિર્દેશ પણ એ જ દિશામાં છે કે, મુસલમાન પુરૂષ મુસલમાન સ્ત્રી સાથે દુશ્મની ન રાખે (કેમ કે) જો તે તેણીની એક આદતથી નાખુશ છે તો બીજી આદતથી ખુશ હશે. *(મુસ્લિમ શરીફ)*

હજજતુલ વિદાઅના એક લાંબા ખુત્બા (પ્રવચન)માં સ્ત્રીઓના હક્કમાં વસિયત ફર્માવી અને ફર્માવ્યું કે, હું તમને સ્ત્રીઓ સાથે ભલાઈ કરવાની વસિયત કરું છું તો તમે આ વસિયતનો સ્વીકાર કરી લો. યકીનન સ્ત્રીઓ પાંસળીમાંથી પેદા કરવામાં આવેલી છે અને પાંસળી વાંકી હોય છે. જો તમે પાંસળીને સીધી કરવા ઈચ્છો તો તે તૂટી જશે અને જો તેના હાલ પર છોડી દેશો તો વાંકી જ રહેશે. હું તમને સ્ત્રીઓની સાથે ભલાઈની વસિયત કરું છું તો તમે



તેને જરૂરથી માનો. *(બુખારી તથા મુસ્લિમ)*

એટલે કે સ્ત્રીનું સર્જન પાંસળીમાંથી થયું છે જેવી રીતે પાંસળી પ્રકૃતિ મુજબ વાંકી છે અને વાંકી હોવાને કારણે તે લાભદાયી પણ છે. એ જ સ્થિતિ સ્ત્રીઓની પણ છે અને તેનામાં લાગણીઓની કઠિનતા તથા નાઝુકપણુ પણ છે અને તેણીમાં તેનું હોવું જરૂરી પણ છે, નહીં તો તેણી ઔલાદનો ઉછેર ન કરી શકત. એટલા માટે તમે એવું ન કરો કે તેની પ્રાકૃતિક વિશિષ્ટતાને અવગણીને તેની સુધારણા કરવાનો પ્રયત્ન કરો, ન તેને તમારી મરજી મુજબ વાળો, જો તમે એવું કરવા ચાહશો તો તેને તોડી નાખશો. હા જો તમે તેણીની કઠણાઈ અને નરમાશની ભાવનાઓની કદર કરીને તેણી સાથે સંબંધ સ્થાપશો અને તેણીની લાગણીઓને ઠેસ ન પહોંચાડો અને તેણીની સુધારણામાં કડકાઈ અને ઉતાવળ કરવાને બદલે ધીમે ધીમે ધીરજ તથા સહનશીલતાથી કામ લેશો તો ચોક્કસ તેણી સાથે સંબંધો આનંદમય બનશે અને તેના વડે સ્ત્રીની સુધારણા થઈ શકશે. એટલા માટે સ્ત્રીઓ સાથે ઉત્તમ વ્યવહાર કરવો એ જ પુરૂષનું કામ છે અને એ જ માર્ગ અપનાવો જોઈએ.

એક ઠેકાણે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ફર્માવ્યું :–

"અલ્લાહની બાંદીઓ (સ્ત્રીઓ)ને ન મારો. તો હઝરત ઉમર (રદિયલ્લાહુ અન્હૂ) રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ની પાસે આવ્યા અને બોલ્યા કે, સ્ત્રીઓ પુરૂષોની સામે ખૂબ જ નીડર છે. તો આપે તેમને મારવાની છૂટ આપી દીધી. તો રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ)ના ઘરાનાને ઘણી સ્ત્રીઓએ ઘેરો કર્યો, (ભેગી થઈ) અને તેણીઓએ પોતાના પતિઓની ફરિયાદ કરી. તો રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ)એ ફર્માવ્યું કે, જે લોકો પોતાની સ્ત્રીઓ પર જુલ્મ કરે છે તે તમારામાંથી સારા માણસો નથી. *(અબૂદાઊદ)*

રહમતે આલમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ સ્ત્રીઓના

બારામાં જે કાયદેસરની વાત કહી છે તે એ છે કે, તમારામાંથી વધુ સારો શખ્સ તે છે જે પોતાના ઘરવાળાઓના માટે અધિક સારો હોય અને હું તમારામાં સૌથી વધુ પોતાના ઘરવાળાઓના માટે સારો છું.

*(તિર્મિઝી, ઈબ્ને માજહ, દારમી)*

માણસના બેહતર અને સારા હોવાની આ એક એવી ઓળખ જણાવી દેવામાં આવી છે કે અરીસામાં દરેક પોતાનું પ્રતિબિંબ જોઈ શકે છે. જે પોતાના સાથે ન્યાય અને એહસાન નથી કરી શકતા ! તે અન્યોની સાથે શું કરી શકે છે ? કેમ કે ભલાઈ ઘરથી શરૂ થવી જોઈએ. એક પ્રસંગે એક જણે હાજર થઈને અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! પત્નીનો હક્ક પતિ પર શું છે ? તો આપે ફર્માવ્યું કે,

‘‘જ્યારે પોતે ખાય તો તેણીને ખવડાવે, જ્યારે અને જેવું પણ પોતે પેહરે ત્યારે તેણીને પણ પેહરાવે, ન તેણીના મોઢા પર થપ્પડ મારે અને તેણીને ન બુરૂ ભલુ કહે અને ન ઘર સિવાય તેની સજાના માટે તેને જુદી કરે.’’ *(ઈબ્ને માજહ)*

હિન્દા બિન્તે ઉત્બાએ હુઝૂરની પાસે આવીને અર્ઝ કરી કે, મારો પતિ કંજૂસ છે, મારો અને બાળબચ્ચાંનો પૂરો ખર્ચ નથી આપતો પણ જ્યારે કે હું તેની અજાણતામાં લઉં. તો આપે ફર્માવ્યું, ‘‘તુ ભલાઈની સાથે રહેવા અને પોતાના બાળબચ્ચાંના માટે લઈ શકે છે.’’

એક અન્ય ઠેકાણે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ફર્માવ્યું કે, તમે તમારી સ્ત્રીઓને ગુલામોની જેમ ન મારો છેવટે દિવસ (રાત)માં તમે તેમનાથી મળશો અને તમને તેમની જરૂરત પડશે. *(બુખારી)*

જો કોઈની અધિક પત્નીઓ છે તો તેમનામાં અદ્‌લો ઈન્સાફ રાખે. હુઝૂર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ફર્માવ્યું કે, જેની પાસે બે પત્નીઓ હોય અને તે તેમની વચ્ચે ન્યાય નથી કરતો તો તે કિયામતના દિવસે એ સ્થિતિમાં આવશે કે તેનું અડધુ ધડ પડેલુ હશે.



## ☆ પત્ની સાથે જીવન નિર્વાહનો તરીકો ☆

ઉપરોકત હદીસો પર વિચાર કરવાથી જાણવા મળે છે કે પુરૂષ માટે જરૂરી છે કે તે નિમ્ન લિખિત વાતો ઉપર અમલ કરે, નહીં તો ખુદાની બારગાહમાં ઘણો જ મોટો ગુનેહગાર અને સગા સંબંધી તથા સમાજની દ્રષ્ટિમાં દરેક ઠેકાણે ઝલીલોખાર (બેઈજ્જત) થશે.

**(૧)** પતિ પર તેની પત્નીનો એ હક્ક ફરજ છે કે તે પોતાની પત્નીના ખાવા પીવા અને રહેવા અને અન્ય જીવન જરૂરી ચીજોની પોતાની શકિત મુજબ અને હૈસિયત પ્રમાણે વ્યવસ્થા કરે. અને દરેક સમયે એ વાતોનો ખયાલ રાખે કે આ અલ્લાહની બંદી મારા નિકાહના બંધનમાં બંધાયેલી છે. અને તેણી પોતાના માં બાપ, ભાઈ, બહેન અને તમામ સગાં સ્નેહી કુટુંબીઓને છોડીને કેવળ મારી થઈને રહી ગઈ છે. અને મારી જિંદગીના દુઃખ સુખમાં સમાન રીતે ભાગીદાર બની થઈ છે. એટલા માટે તેણીની જિંદગીની સર્વ જરૂરતોની વ્યવસ્થા કરવી એ મારી ફરજ છે. યાદ રાખો કે જે પુરૂષો પોતાની લાપરવાહીથી પોતાની પત્નીના ભરણ પોષણ અને જીવન જરૂરી ચીજોની વ્યવસ્થા નથી કરતા તેઓ ઘણા જ મોટા ગુનેહગાર અને બંદાઓના હક્કોમાં ગિરફતાર થયેલા અને ખુદાના કહેર તથા જહન્નમના અઝાબની સજાને પાત્ર છે.

**(૨)** એ પણ સ્ત્રીનો હક્ક છે કે પતિ તેણી સાથે સહશયનનો હક્ક અદા કરતો રહે. શરીઅતમાં તેની કોઈ મર્યાદા નિશ્ચિત નથી પણ ઓછામાં ઓછું એટલું તો હોવું જ જોઈએ કે પત્નીની ઈચ્છા પૂર્ણ થતી રહે અને આમ તેમ દ્રષ્ટિ ન ગુમાવે.

**(૩)** સ્ત્રીને કદી પણ કોઈ મોટા વાંક વિના કદી ન મારે. હા, જો સ્ત્રી કોઈ મોટી ભૂલ કરી બેસે તો બદલો લેવા કે દુઃખ આપવા માટે નહીં પણ તેણીની સુધારણા અને ચેતવણીની નિય્યતથી પતિ તેણીને મારી શકે છે પણ મારવામાં એનું સંપૂર્ણ ધ્યાન રાખે કે તેને સખત ચૌટ કે ઘા ન પહોંચે. *(કુર્આન મજીદ)*

**ફાયદો :–** ફિકહની કિતાબોમાં લખ્યું છે કે પતિ પોતાની પત્નીને ચાર વાતો માટે શિક્ષા આપી શકે છે અને તે ચાર વાતો આ મુજબ છે :

**(અ)** પતિ પત્નીને શણગાર સજવાનો અને સફાઈ સુથરાપણુ રાખવાનો હુકમ આપે તેમ છતાં પણ તે તેણી અણઘડ અને મેલી ઘેલી બનીને રહે.

**(બ)** પતિ પ્રેમ કરવાની ઈચ્છા વ્યકત કરે અને પત્ની કશીય મજબૂરી વિના ના પાડે.

**(ક)** સ્ત્રી હૈઝ તથા જનાબત (માસિક બંધ થયા બાદ તથા સંભોગ કર્યા બાદ) સ્નાન ન કરતી હોય.

**(ડ)** વિના કારણે નમાઝ ત્યજી દેતી હોય.

આ ચાર સ્થિતિઓમાં પતિઓએ જોઈએ કે પ્રથમ પત્નીને સમજાવી આપે. જો માની જાય તો ઠીક નહીં, તો ડરાવે ધમકાવે અને જો તેનાથી પણ ન માને તો એ શરતની સાથે મારવાની ઈજાઝત છે કે મોઢા પર ન મારે અને એવો સખત માર ન મારે કે હાડકુ તૂટી જાય અથવા શરીર પર ઘા થઈ જાય.

**(૪)** પુરૂષ માટે જરૂરી છે કે સ્ત્રીના દેખાવની ટીકા ન કરે (મહેણા ન મારે) અને સ્ત્રીના પિયરવાળાઓ પર ટીકા ટિપ્પણ અને મહેણા ન મારે. ન સ્ત્રીના માં–બાપ, સગાં સ્નેહીઓ સમક્ષ તેણીને બુરૂ ભલુ કહે.

**(૫)** પુરૂષ નિઃશક સ્ત્રી પર હાકિમ છે, પણ પુરૂષના માટે જરૂરી છે કે પોતાની પત્નીને કોઈ એવા કામની ફર્માઈશ ન કરે જે તેણીની શકિત બહારનું હોય અથવા તે તેણીને અતિશય અણગમતુ હોય.

**(૬)** પતિએ જોઈએ કે મુસાફરીમાં જતી વેળા પોતાની પત્ની સાથે અતિશય પ્યાર તથા મહોબ્બતની સાથે હસી ખુશીથી મુલાકાત કરીને ઘરેથી નીકળે અને મુસાફરીએથી પાછા આવતાં કાંઈ ન કાંઈ સામાન પત્ની માટે ચોક્કસ લાવે, એવું કરવાથી મહોબ્બતમાં વધારો થશે.



**(૭)** સ્ત્રી પિયરેથી કોઈ વસ્તુ લાવીને અથવા પોતે બનાવીને રજુ કરે તો પતિએ જોઈએ કે ભલે તે ચીજ તદ્દન ઉતરતી કક્ષાની હોય તો પણ તેના માટે ખુશી પ્રદર્શિત કરે. અને અમુક પ્રશંસાત્મક શબ્દો પણ કહી આપે જેથી કરીને તેણીનું દિલ ન તૂટે અને તેનો ઉત્સાહ મંદ ન થઈ જાય.

**(૮)** પત્ની જો બીમાર પડી જાય તો પતિની એ વહેવારિક ફરજ છે કે પત્નીની ખબર અંતર રાખવામાં તથા સેવા ચાકરીમાં કદી પણ કોઈ ઉણપ ન કરે બલ્કે પોતાની દિલદારી અને હમદર્દી અને ભાગદોડ વડે સ્ત્રીના દિલ પર એવી છાપ બેસાડી દે કે મારા પતિને મારાથી અતિશય પ્રેમ છે. તેનું પરિણામ એ આવશે કે પત્ની તેના આ એહસાનને યાદ રાખશે અને તેણી પણ પતિની સેવા સુશ્રુષામાં જ પોતાના પ્રાણ પાથરી દેશે.

**(૯)** પતિએ જોઈએ કે પોતાની પત્ની પર વિશ્વાસ તથા ભરોસો કરે અને ઘરગથ્થુ બાબતો તેણીને સુપ્રત કરી દે જેથી પત્ની પોતાની હૈસિયતને (લાયકાતને) ઓળખે અને તેણીની કદર તેનામાં ખૂદ વિ□સનીયતા (આત્મવિશ્વાસ) પેદા કરશે અને તે ખૂબ જ દિલચસ્પી તથા પ્રયત્નપૂર્વક ઘરગથ્થુ મામલાઓની વ્યવસ્થાને સંભાળશે. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ફર્માવ્યું છે કે, સ્ત્રી પોતાના ઘરની નિગેહબાન અને રક્ષક છે અને આ મામલામાં સ્ત્રીને કિયામતમાં ખુદાવંદે કુદુસ પૂછતાછ ફર્માવશે.

પત્ની પર વિ□ાસ કરવામાં એ લાભ થશે કે, તેણી પોતે પોતાને ઘરગથ્થુ વ્યવસ્થાની બાબતોમાં એક ક્ષેત્રની જિમ્મેદારી અનુભવશે અને પતિને મહદઅંશે ઘરેલુ ગરબડોથી મુકિત મળી જશે અને સંતોષપૂર્ણ જિંદગી નસીબ થશે.

**(૧૧)** સ્ત્રીને તેના પતિ પર એક હક્ક એ પણ છે કે પતિ પત્ની સાથે સહશયનની ખાનગી વાતોને અન્ય લોકો સમક્ષ ન વર્ણવે બલ્કે તેને રહસ્ય બનાવીને પોતાના દિલમાં જ રાખે. કેમ કે હદીષ શરીફમાં આવ્યું છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ફર્માવ્યું

કે, ખુદાની નજીક બદતરીન (સૌથી ખરાબ) શખ્સ તે છે કે જે પોતાની પત્નીની પાસે જાય અને તેની ગુપ્ત વાતોને લોકો સમક્ષ પ્રદર્શિત કરે અને પત્નીને અન્ય લોકોની દ્રષ્ટિમાં હલકી પાડે.

*(મુસ્લિમ, ભાગ–૧, પેજ–૪૬૪)*

**(૧૨)** પતિએ જોઈએ કે પત્ની સમક્ષ આવે તો મેલાં ઘેલાં ગંદા કપડાંમાં ન આવે બલ્કે શરીર, પોશાક, સતર (ગુપ્ત ભાગ) વગેરેની સફાઈ સ્વચ્છતાનો ખયાલ રાખે. કેમ કે પતિ જેવી રીતે એવું ઈચ્છે છે કે તેની પત્ની શણગાર કરીને રહે તે જ પ્રમાણે સ્ત્રી પણ એવું ઈચ્છે છે કે મારો પતિ મેલો ઘેલો ન રહે. પતિ પત્ની બંને જણે એક બીજાની લાગણીઓ તથા ભાવનાઓનો ખયાલ રાખવો જરૂરી છે. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ને એ વાતથી સખત નફરત હતી કે, માણસ મેલો ઘેલો બનીને રહે એને તેના વાળ વિખરાયેલા રહે. આ હદીષ પર પતિ પત્ની બંને જણે અમલ કરવો જોઈએ.

**(૧૩)** સ્ત્રીનો તેના પતિ પર એ પણ હક્ક છે કે પતિ સ્ત્રીની સુઘડતા અને શણગાર માટેનો સામાન એટલે સાબુ, તેલ, કાંસકો, મેંદી, ખુશ્બુ વગેરે પૂરી પાડતો રહે જેથી સ્ત્રી પોતાને સાફ સુથરી રાખી શકે અને શણગાર સજીને રહે.

**(૧૪)** પતિએ જોઈએ કે મામૂલી મામૂલી પાયાહિન વાતો પર પોતાની પત્ની માટે બદગુમાની ન કરે બલ્કે એ મામલામાં હમેશાં સાવચેતી અને સમજદારી વડે કામ લે. યાદ રાખો કે મામૂલી શકના કારણે પત્ની ઉપર આક્ષેપ લગાડવો અથવા બદગુમાની કરવી ઘણો જ મોટો ગુનોહ છે.

**(૧૫)** જો પતિ પત્નીનામાં કોઈ મતભેદ કે તણાવ પેદા થઈ જાય તો પતિ માટે જરૂરી છે કે તલાક આપવા કદી પણ ઉતાવળ ન કરે બલ્કે પોતાના ગુસ્સાને કાબૂમાં રાખે અને ગુસ્સો ઉતર્યા બાદ ઠંડા કલેજે વિચારીને અન્ય લોકોની સલાહ મેળવીને એવું વિચારે કે પતિ પત્નીમાં સમાધાનની કોઈ સ્થિતિ નીકળી આવે છે કે કેમ ? જો



સમાધાન તથા મેળાપની કોઈ સ્થિતી નીકળી આવે તો કદી પણ કોઈ કાળે તલાક ન આપે. કેમ કે તલાક સારી વસ્તુ નથી. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ફર્માવ્યું છે કે, હલાલ ચીજોમાં સૌથી અધિક ખુદાની નજીક નાપસંદીદા ચીજ તલાક છે.

*(અબૂદાઊદ, ભાગ–૧, પેજ–૩૦૩, પ્રકરણ–કરાહતે તલાક)*

**(૧૬)** જો કોઈની પાસે બે કે તેથી અધિક પત્નીઓ છે તો તેના ઉપર 'ફર્ઝ' છે કે તમામ પત્નીઓ વચ્ચે ન્યાય તથા સમાનતાભર્યો વર્તાવ કરે. ખાવા, પીવા, મકાન, સામાન, શણગારની ચીજો મતલબ કે તમામ બાબતોમાં સમતોલપણું જાળવે. એ પ્રમાણે દરેક પત્ની પાસે રાત પસાર કરવાનો વારો નક્કી કરવામાં પણ સમાનતાનો ખયાલ ધ્યાનમાં રાખે. કેમ કે જો પતિ સમાનપણે વહેવાર નથી રાખતો તો હુકૂકુલ એબાદ (બંદાઓના હક્કો)માં સપડાશે અને જહન્નમની સજાને પાત્ર ઠરશે.

**(૧૭)** જો પત્નીની કોઈ વાત કે કાર્ય, કુટેવ, ખરાબ વર્તન, સ્વભાવની કડકાઈ, લાંબી જીભ વગેરેથી પતિને જો કદી તકલીફ પહોંચે તો પતિએ સબર તથા સંયમ અને સહનશીલતાથી કામ લેવું જોઈએ કેમ કે સ્ત્રીઓનું આડાપણુ એક પ્રાકૃતિક ચીજ છે.

**(૧૮)** પતિએ જોઈએ કે સ્ત્રીના ખર્ચાઓ બારામાં એકદમ કંજૂસી ન કરે અને ન હદથી વધુ ફુઝૂલખર્ચી કરે. પોતાની આવક પ્રમાણે ખર્ચાઓ નિશ્ચિત કરે, ન પોતાની શકિતથી એકદમ ઓછું ન પોતાની શકિત બહાર.

**(૧૯)** પતિએ જોઈએ કે પોતાની પત્નીને ઘરની ચાર દિવાલોમાં કેદ કરીને ન રાખે બલ્કે માં બાપ તથા સંબંધીઓને ત્યાં આવવા જવાની છૂટ આપતો રહે અને તેણીની સહેલીઓ, સંબંધી સ્ત્રીઓ અને પડોશણો સાથે પણ હળવા મળવાની કોઈ પાબંદી ન લગાડે, શરત એ કે તે સ્ત્રીઓ સાથે મેલ જોલ રાખવામાં કોઈ ફિત્ના ફસાદનો ભય ન હોય અને જો તે સ્ત્રીઓના મેળમેળાપથી સ્ત્રીના બદચલન અથવા બદઅખ્લાક (ખરાબ ચારિત્રવાળી) થઈ જવાનો

ભય હોય તો તે સ્ત્રીઓ સાથે મેળમેળાપ પર પાબંદી લગાડી દેવી જરૂરી છે અને એ પતિનો હક્ક છે. *–(જન્નતી ઝેવર)*

## ☆ ઉત્તમ પતિની ઓળખ ☆

**(૧)** જે પોતાની પત્ની સાથે નમ્રતા, ખુશમિજાઝી અને સદ્‌વર્તાવની સાથે વર્તે.

**(૨)** જે પોતાની પત્નીના હક્કો અદા કરવામાં કોઈ પ્રકારની બેદરકારી અને ઉણપ ન કરે.

**(૩)** જે પોતાની પત્નીનો એવી રીતે થઈને રહે કે કોઈ પરાઈ સ્ત્રી ઉપર નજર ન નાખે.

**(૪)** જે પોતાની પત્નીને પોતાના એશઆરામમાં સમાનતાની ભાગીદાર જાણે.

**(૫)** જે કદી પોતાની પત્નીઓ પર જુલ્મ તથા સિતમ ન કરે અને કોઈ પ્રકારની નિરર્થક જબરદસ્તી ન કરે.

**(૬)** જે પોતાની પત્નીની તુંડમિજાઝી અને ખરાબ વર્તણુંક પર સબ્ર કરે.

**(૭)** જે પોતાની પત્નીની ખૂબીઓ ઉપર નજર રાખે અને મામૂલી ગલતીઓને દરગુઝર કરે.

**(૮)** જે પોતાની પત્નીની મુસીબતો, બીમારીઓ, રંજ તથા ગમમાં તેણીની સેવા ચાકરી અને તેણીનું દિલ ખુશ રાખે અને વફાદારીની સાબિતી આપે.

**(૯)** જે પોતાની પત્નીને પર્દામાં રાખીને ઈજ્જત તથા આબરૂની રક્ષા કરે.

**(૧૦)** જે પોતાની પત્નીને દીનદારીની તાકીદ કરતો રહે અને શરીઅતના માર્ગે ચલાવે.

**(૧૧)** જે પોતાની પત્ની તથા બાળબચ્ચાંઓને કમાઈ કમાઈને હલાલ રોજી ખવડાવે.



**(૧૨)** પોતાની પત્નીના પિયરવાસીઓ અને તેણીની સહેલીઓની સાથે પણ સદ્‌વર્તાવ કરે.

**(૧૩)** જે પોતાની પત્નીને બેઈજ્જતી તથા બદનામીથી બચાવે.

**(૧૪)** જે પોતાની પત્નીના ખર્ચામાં કંજૂસાઈ ન કરે.

**(૧૫)** જે પોતાની પત્નીને એ રીતે કન્ટ્રોલમાં રાખે (એ રીતે વર્તે) કે તેણી કોઈ બુરાઈ પ્રત્યે નજર પણ ન કરે.

**ઉપસંહાર :–** એક વાર રહમતે આલમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ આઈશા સિદ્દીકા (રદિયલ્લાહુ તઆલા અન્હા)ને ઈર્શાદ ફર્માવ્યો કે, હે આઈશા ! જ્યારે તમે ખુશ રહો છો તો પણ મને માલૂમ થઈ જાય છે અને નારાજ થાવ છો તો પણ ખબર પડી જાય છે. અર્ઝ કરી, હુઝૂર ! કેવી રીતે ? તો ફર્માવ્યું, જ્યારે જ્યારે ખુશ રહો છો તો આ પ્રમાણે કસમ ખાવ છો કે, ''કસમ છે મોહમ્મદના રબની !'' અને જ્યારે નારાજ રહો છો તો આ રીતે કસમ ખાવો છો કે, ''કસમ છે ઈબ્રાહીમના રબની !'' એ સાંભળીને હઝરત આઈશાએ અર્ઝ કરી કે, હુઝૂર ! વાત સાચી છે પણ તે વખતે પણ દિલ તો દસ્તૂર પ્રમાણે (યથાવત) આપતી ઉલ્ફત તથા મહોબ્બતમાં ચૂર જ રહ્યા કરે છે, કેવળ જીભથી એવું કહું છું !

મતલબ એ છે કે દાંપત્ય જીવનમાં કદીક નફરત તથા કડવાશના પ્રસંગો પણ આવે છે પણ તે સંજોગોમાં પણ એકબીજાના હક્કો અને અદબનો લેહાઝ સાચવવો એ અતિશય જરૂરી છે.

પતિ પત્નીએ જોઈએ કે દરેક પોત પોતાના હક્કોને ઓળખે અને શરીઅતના તકાઝાઓ પ્રમાણે તેના પર અમલ કરે. આજે કેટલાય ઘરો પતિ પત્નીના મતભેદો અને તેમની વચ્ચેની કડવાશના લીધે જહન્નમ બનેલાં છે તેનું કારણ કેવળ એ છે કે પતિ–પત્ની પોતાના હક્કોને ઓળખતાં જ નથી. મૌલા તઆલા મુસલમાનોને શરઈ તરીકા પર જિંદગી પસાર કરવાની તૌફીક અતા ફર્માવે. આમીન બિજાહિ સૈયદુલ મુરસલીન, સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.

*(કિતાબ હુકૂકુલ ઝવજૈનમાંથી સાભાર)*

## પ્રકરણ-3

### ☆ નવયુવાનોને કેટલીક શીખામણો ☆

અલ્લાહ તઆલાને એ જ મંજૂર છે કે ઈન્સાનો અને જાનવરોની નસલ (વંશવેલો) વધતી રહે અને બાકી રહે, એટલા માટે તે ખાલિકે કાઈનાતે ઈન્સાનો અને અન્ય સજીવોની વંશવૃધ્ધિ અને હયાત તથા સલામતીના માટે નર તથા માદાના એક ખાસ મેળાપને વસીલો તથા ઝરીયો બનાવી આપ્યો છે. અને ખાસ મેળાપ માટે મજબૂર કરવા અને પ્રોત્સાહિત કરવા માટે દરેક નર તથા માદામાં એક જાતીય વાસનાની શકિત પૈદા ફર્માવી આપી છે જેના થકી જાતીય વાસનાનો જોશ ઉપસ્થિત થાય છે. અને તેમાં એક એવો અનેરો આનંદ રાખી દીધો કે દરેક નર તથા માદા આ આનંદ પ્રાપ્ત કરવા માટે બેચૈન અને બેકરાર થઈ જાય છે, અને નર તથા માદાનો એક ખાસ મેળાપ થતો રહે છે. અને આ વાસના શકિત અને વાસનાના જોશ અને તેના અતિશય તથા અનુપમ આનંદનો આધાર અને કેન્દ્ર બિંદુ તે આબે હયાત અને અણમોલ અમૃત છે જેને નુત્ફો અથવા વિર્ય કહેવામાં આવે છે.

### ☆ વિર્ય શું છે ? ☆

આ તે જૌહરે લતીફ (ઉમદા તત્વ) છે જે આખા શરીરના સ્વચ્છ લોહીનો અર્ક છે જે પોતાના દરેક ટીપામાં આખા શરીરના કમાલોને ગતિમાં લાવનાર મુખ્ય ઉદ્દીપક છે. અને આ શરીરનું તે મહામૂલી તથા અમૂલ્ય ''અમૃત'' છે જેની અસરોની સંવેદકતા હેઠળ આખા શરીર અને તેની સર્વ શકિતઓને ખિલવવાની વ્યવસ્થા જોડાયેલી છે. આખા શરીરનું આ તે જ ઉમદા તત્વ છે જે દિલો દિમાગ વગેરેના દરેક દરેક સંવેદક ભાગોને સજીવન રાખનાર અને રૂહે હયવાની (જાતિય વાસના શકિત)ને હરકતમાં લાવનાર એંજીન છે. આજ શરીરના અમૃતમાં એવા જોસ તથા ખુમારની મજાઓનો ખજાનો



બને છે જેના થકી રૂહે હયવાની આનંદમય બને છે અને તેના ઉશ્કેરાટથી શરીરની તમામ નસો અને સફેદ જાડી રગોમાં મસ્તીના જોશનું એક એવું પૂર અને કૈફિયતથી ભરપૂર મજાઓનું એવુ તોફાન ઉપસ્થિત થઈ જાય છે કે જેની મદહોશીઓ પર હજારો બોટલ શરાબના નશાઓ કુર્બાન છે ! તે ઉમદા તત્વમાં એ શકિત તથા કુવ્વત છુપાએલી છે જે દુનિયાના સર્વ જૌહરોના ખમીરો અને બેહતરીન શકિતવર્ધક દવાઓ અને ડોકટરોની પરખ પામેલી ટોનિકોમાં પણ નસીબ નથી થઈ શકતી. તે જ ઉમદા તત્વની અજોડ શકિત વડે આંખોમાં નૂર, દિલમાં ઉમંગ શરીરમાં શકિત, આત્મામાં ખુશી, શકિતઓમાં હિંમત અને બહાદુરી ઉદ્‌ભવે છે. બલ્કે એમ સમજો કે તમામ વજૂદની તાકત તથા કુવ્વત તે જ જૌહરના સબબે છે. નિઃશંક ! તે એક અનુપમ શકિતનો ખજાનો, અસીમ અને અમૂલ્ય તાકતનું સંગ્રહસ્થાન ફિતરતને પેદા કરનારનું અદ્‌ભૂત સર્જન અને ખુદાવંદે કુદ્દુસની અતા કરેલી એક અનુપમ દૌલત તથા સંપત્તિ અને તેની મોટી મોટી નેઅમતોમાંની એક ઘણી મોટી નેઅમત છે.

અને યાદ રાખો કે આ દૌલતના બાદશાહ અને તાકત તથા કુવ્વતના સુલ્તાન હકીકતમાં ''નવયુવાન''જ છે. બાળકો અને વૃધ્ધોનો દામન આ ખજાનાથી ખાલી હોય છે. અને માણસની આદત તથા ફિતરત (પ્રકૃતિ)નો તકાઝો એ છે કે જ્યારે કોઈનામાં કોઈ કમાલ (ખૂબી) ઉદ્‌ભવ પામે છે તો તુરંત તેના પ્રદર્શનનો વલવલાટ દિલમાં ગલગલી પેદા કરે છે. શાયર જ્યારે કોઈ શેઅર કહે છે તો તેનું દિલ ઈચ્છે છે કે કોઈ એહલે ફન (એ કળાનો જાણકાર) મારા શેઅરને સાંભળે. જ્યારે કોઈની પાસે દૌલત આવે છે તો તેને પ્રદર્શન તથા દેખાવ કરવાની ભાવના અને ખયાલ પણ પેદા થઈ જાય છે જેથી તે સારો ખોરાક, ઉમદા પહેરવેશ, આલીશાન મકાન, ઉચ્ચતમ ફર્નીચર વડે પોતાની માલદારી પ્રદર્શિત કરે છે.

મતલબ કે આ માણસની ફિતરી (પ્રાકૃતિક) ભાવના છે કે પોતાના કમાલને પ્રદર્શિત કરવામાં આવે. જેથી એ જ ભાવના હેઠળ

આ વિશિષ્ટ દૌલત અને ખાસ કમાલને પ્રદર્શિત કરવા પ્રત્યે માણસ વળે છે અને અનાયાસે દિલમાં એ ખયાલ ઉદ્‌ભવે છે કે આ દૌલતને વાપરવાની મજા માણે અને આ ઉમદા તત્વ પોતાનો ઉપયોગ કરાવવા માટે કેટલીક વાર માણસને લાચાર તથા બેકરાર કરી મૂકે છે. બલ્કે એવો બેખૂદ બનાવી દે છે કે એ સ્થિતિને પાગલપણા સાથે સરખાવીએ તો બિલકુલ યોગ્ય ગણાશે. જેથી જે કેહવત છે કે ''જવાની દીવાની !''

**પ્રિય નવયુવાનો !** પંદર વર્ષની ઉમરે આ દૌલત દરેક નવયુવાનને મળી જાય છે અને દરેક નવયુવાનનું દિલ તથા દિમાગ આ કમાલના પ્રદર્શન માટે બેચૈન તથા બેકરાર રહેવા લાગે છે. હવે માણસની જિંદગીનો આ તે જ ભયાનક વળાંક છે જ્યાં હિકમત અને હિમાકત (સમજદારી અને મૂર્ખામી)ના બે પાસાંઓનો ટકરાવ થાય છે. હિકમત તો એવું કહે છે કે પંદર વર્ષની જિંદગી મહેનત અને લીલી સૂકી અનુભવ્યા પછી જે દૌલત મળી છે તેને સમય અને સંજોગો તથા યોગ્ય સ્થાનને જોઈ અતિશય મધ્યમ માર્ગ અપનાવી (કાળજીપૂર્વક) ખર્ચ કરવી જોઈએ. ન મર્યાદા બહાર કંજૂસાઈ થાય ન મર્યાદા બહાર ફુઝૂલખર્ચી થાય. કેમ કે કંજૂસાઈમાં બદનામી અને ફુઝૂલખર્ચીમાં આ દૌલતના બરબાદ થવાનો ખતરો છે.

**હિકમત** એવો હુકમ આપે છે કે હમણાં આ દૌલતને ખર્ચ કરવાનો સમય નથી આવ્યો તો થોડાક રોકાઈ જાવ જેથી આ ખજાનો ૧૮ કે ૨૦ વર્ષની જ્યારે ખૂબ યોગ્ય પાકટ થઈ જાય ત્યારે ખર્ચ કરો અને તેને સંજોગોને અનુરૂપ અને યોગ્ય ઠેકાણે ખર્ચ કરો, એટલે કે સ્ત્રી સાથે શાદી કરો પછી એ દૌલતને તેના માટે ખર્ચ કરો. યુવાનીમાં પુરૂષ સ્ત્રીના માટે અને સ્ત્રી પુરૂષના માટે બેકરાર રહે છે જેવી રીતે તરસ્યો પાણીના માટે અને ભૂખ્યો ભોજન માટે બેચૈન તથા બેકરાર રહે છે. તે એટલા માટે કે પુરૂષની યુવાનીની કદર કરનાર સ્ત્રી જ બની રહે છે અને સ્ત્રીની જવાનીના જવાહેરાતની કદર (કિંમત) એક યુવાન પુરૂષ જ કરી શકે છે. એક યુવાન પુરૂષ



તથા એક યુવાન સ્ત્રી જ એકબીજાના દિલનું ચૈન અને એકબીજાના જાનનો આરામ બની શકે છે. આ આબે હયાત અને ઈન્સાની બીજને જો તમે પોતાની પત્નીની જમીનમાં નાખશો તો જો મોસમ અનુકૂળ રહી અને સ્ત્રી પુરૂષનો મેળાપ કાયદા હેઠળ થયો તો નવ માસ પછી આ ઈન્સાની બીમાંથી એવું મધૂર ફળ અને એટલો સ્વાદિષ્ટ મેવો તમને મળશે કે તેની આકર્ષક પ્યારી સૂરતને જોઈને તમારા બેઉનું દિલ બાગ બાગ થઈ જશે અને તે તમારી આંખોનો તારો અને તમારી જિંદગીનો સહારો બનશે.

અને હિમાકત (મૂર્ખાઈ) વારંવાર ઉછરતી અને લલકારતી રહે છે કે યુવાનીના આ ઉમદા તત્વ (જૌહરે લતીફ)ની દૌલતને જલ્દીથી જલ્દી ખર્ચ કરો અને ગમે ત્યાં અને ગમે તે સંજોગોમાં અચકાયા વિના વાપરો, એટલે સુધી કે આ ઈન્સાની કિંમતી બીજને નકામી અને ખરાબ ગંદી જમીનોમાં પણ નાખો અને વ્યભિચાર (ઝિના) તથા સૃષ્ટિ વિરૂદ્ધ કાર્ય જેવા દરેક બુરા તરીકાઓ વડે આ દૌલતને વેડફીને બરબાદ કરો અને બદનામી તથા નેકનામીની પણ પરવા ન કરો અને થોડીક સેકંડોની મજા માટે પોતાની ઈજ્જત તથા આબરૂ (પ્રતિષ્ઠા) અને પોતાની તંદુરૂસ્તી તથા શકિત, પોતાની તાકતો અને કુવ્વતોના ખજાનાને તબાહ તથા બરબાદ કરી નાખો.

**પ્રિય નવયુવાનો !** હોશિયાર થઈ જાવ ! એક તરફ હિકમત તમને મુખ્ય માર્ગ બતાવી રહી છે અને બીજી તરફ હિમાકત તમને તે પગડંદીઓ તરફ બોલાવી રહી છે જે હલાકત તથા બર્બાદીઓના કાંટાઓ વડે ભરેલી છે. હવે નિર્ણય લેવાનું તમારા હાથમાં છે કે તમે ''હિકમત''ની નૂરાની સડક પર ચાલીને બેઉ જહાનમાં કામયાબી તથા ઈજ્જત હાંસલ કરો છો કે પછી ''હિમાકત''ની પગદંડીઓ પર ચાલીને બેઉ જહાનની બદનામીઓ વડે પોતાનું મોઢું કાળુ કરો છો. (અલ્લાહની પનાહ !)

**પ્યારા નવયુવાનો !** અલ્હમ્દુલિલ્લાહ ! કે તમે મુસલમાન છો. તમારો ખુદા હકીમ, તમારા રસૂલ હકીમ, તમારું કુર્આન હકીમ

અને તમારો દીન એટલે ઈસ્લામ સંપૂર્ણતઃ હિકમત છે એટલા માટે તમે હિકમતનું નિમંત્રણ સ્વીકારો અને હિકમતના મુખ્ય માર્ગ પર ચાલીને બેઉ જહાનની ખૈરો બરકતનો ખજાનો પ્રાપ્ત કરો. અને હિમાકતની પગદંડીઓને મૂર્ખાઓ તથા કાફિરો તથા ફાસિકોના માટે છોડી દો અને કાન લગાડીને દિલથી મારી વાત સાંભળો ! હું તમને બતાવું છું કે, અલ્લાહ તથા રસૂલ અને કુર્આન તથા ઈસ્લામના હયાત આફરીન (જાન કુર્બાન કરવા જેવાં) ફર્માન શું શું છે તેના પર અમલ કરો.

## ☆ સ્ત્રી તથા પુરૂષ વચ્ચે કાનૂની સંબંધની જરૂરત ☆

પુરૂષ જે સ્ત્રીને પોતાનો નુત્ફો (વિર્ય) સુપ્રત કરે તો તે ઈન્સાની બીજની રક્ષા અને નવ મહીના સુધી તેની સંભાળની જિમ્મેદારીનો બોજ તે સ્ત્રીના જ ખભાઓ પર છે, વળી બાળક પૈદા થયા પછી તેના ઉછેરની પ્રેમભાવ સાથે વ્યવસ્થા કરવી અને રાત દિવસ તે મુંગા બચ્ચાને દૂધ પીવડાવવું, ખોરાક પહોંચાડવો અને બાળકની જરૂરીયાતો પૂરી કરવાનો સઘળો બોજ ઉઠાવવાનું કામ પણ સ્ત્રીનું જ છે જે તે કુમળા બાળકની માં કહેવાય છે. કેમ કે બાળકની આ પ્રકારની સારસંભાળ જો કોઈ નોકરાણી પાસે પગાર આપીને પણ કરાવવામાં આવે તો જોઈએ તેવી સારસંભાળ થઈ શકશે નહીં કેમ કે બાળકના લાલન પાલનમાં જે પ્રેમભાવ (મમતા)ની જરૂરત છે, તે માં સિવાય અન્યના દિલમાં પૈદા થઈ જ નથી શકતો. તો નુત્ફો સુપ્રત કરવાથી લઈને બાળકના ઉછેર સુધીની સઘળી વ્યવસ્થા માતાએ ચલાવવી પડે છે. તો સ્પષ્ટ છે કે આ આખા લાંબા સમયગાળામાં સ્ત્રી અને બાળકની તમામ જરૂરીયાતોનો બોજ ઉઠાવવાની જિમ્મેદારી એક સંબંધવિહોણો (પુરૂષ) કેવી રીતે લઈ શકે છે ?

એટલા માટે બુધ્ધિ તથા કાનૂનનો તકાઝો એ જ છે કે આ



જિમ્મેદારીનો બોજ તે જ શખ્સના હસ્તક હોવો જોઈએ જેની અનામત એ સ્ત્રી સંભાળી રહી છે. જેથી સ્ત્રીને નુત્ફો સુપ્રત કરતાં અગાઉ તે સ્ત્રીનો તે પુરૂષ સાથે એવો કાનૂની સંબંધ અને તઅલ્લુક સ્થપાઈ જવો બેહદ જરૂરી છે જે આ ખિદમતની જિમ્મેદારીને સંપૂર્ણતઃ નિભાવી શકે. આ ખાસ સંબંધનુ ંનામ વિવાહ છે અને આ કાનૂની સંબંધની પરીપૂર્ણતાને ઈસ્લામની બોલીમાં નિકાહ કહેવામાં આવે છે અને ઈસ્લામનો એ હુકમ છે કે નિકાહવાળી સ્ત્રી (કે શરઈ બાંદી) સિવાય કોઈ અન્ય સ્ત્રી સાથે સંભોગ કરવો અને તેણીને નુત્ફો (વિર્ય) સુપ્રત કરવો **વ્યભિચાર (ઝિના)** છે, જે **હરામ** તથા **નાજાઈઝ** અને **મહાન ગુનોહ** છે. કેમ કે તેમાં નુત્ફાને પોતાના હવાલામાં લેનારી સ્ત્રીથી તે નુત્ફા વડે પેદા થનાર બાળકની સારસંભાળ તથા દેખરેખની વ્યવસ્થા સંપૂર્ણતઃ પૂરી નથી થઈ શકતી, જેના લીધે માણસો સામાજિક વ્યવસ્થામાં ભંગાણ પડી જાય છે. બલ્કે સામાજિક વ્યવસ્થા તદ્દન બર્બાદ તથા નાશ પામે છે. અને મોટા મોટા ઝઘડાઓનો મનહૂસ ચહેરો જોવો પડે છે. જેમ કે અનુભવો દર્શાવે છે કે **વ્યભિચાર કરનાર પુરૂષ વ્યભિચાર કરીને સ્ત્રીથી તદ્દન અલિપ્ત થઈ જાય છે** બલ્કે છુપાતો અને નાસતો ફરે છે અને સ્ત્રીના ગર્ભકાળ અને જન્મ આપવાના સમયે અને બાળકની પરવરિશ તથા સારસંભાળનો કોઈ જિમ્મેદાર થતો નથી અને બદનામી તથા બેઉ જહાનની બેઈજ્જતી ભૂત બનીને સ્ત્રીના માથાં પર સવાર થઈ જાય છે. જેથી તેણી કયાં તો ગર્ભ પડાવી નાખીને અને નાહક ખૂનની વબાલ પોતાના માથા પર લે છે અથવા બાળક પેદા થયા પછી તે બાળકને ઉકરડાઓ, તળાવો કે કૂવાઓમાં જીવતો દાટી દેવામાં આવે છે.

**હે વ્યભિચારી પુરૂષો !** ખુદાને ખાતર જરા ગરેવાનમાં મોઢુ નાખીને વિચારો કે ઈન્સાની હમદર્દી (માણસાઈ)નો મામૂલી સરખો ભાગ પોતાના દિલમાં ધરાવનાર માણસ પણ એ જ કહેશે કે એથી વધારે જુલ્મી અને એથી વિશેષ ખરાબ તથા ગંદુ નિર્દય કૃત્ય બીજુ

કર્યું હશે ? કે નાનાં નાનાં મુંગા જીવોને એ રીતે ક્રૂરતાપૂર્વક તબાહ તથા બર્બાદ કરી દેવામાં આવે અને એક સ્ત્રીને ઝિલ્લત તથા બદનામીના એવા ગંદા કીચડમાં લથપથ કરી દેવામાં આવે કે તેણી જીવનભર એવા ઈન્સાની સમાજમાં મોઢું દેખાડવાને લાયક નથી રહેતી. ગંભીરતા પૂર્વક વિચારો ! અને ખુદાથી ડરો અને પાકો નિશ્ચય કરો કે આ ખરાબ કૃત્યની નજીક નહીં જઈશું અને કુર્આન મજીદના આ હિકમતભર્યા ફર્માન પર અમલ કરીશું કે :–

(તર્જુમો) : તમારી સ્ત્રીઓ તમારી ખેતી છે. પોતાની ખેતીને જે રીતે ચાહો ઉપયોગમાં લો અને પોતાના માટે ભાવિની તદબીર કરો (એટલે કે તે તરીકો અપનાવો જેના થકી ભાવિમાં તમારો વંશવેલો વધે.) (સૂ. બકરહ–૨૨૩)

મતલબ એ છે કે તમારા નુત્ફાઓ (વિર્ય બિંદુઓ) જે ઈન્સાની નસલ (વશંજ)ના બીજ છે તેને વાવણી કરવાની જગા કેવળ તમારી પત્નીઓ જ છે જે તમારી ખેતીઓ છે. જેથી આ ઈન્સાની નસલનાં બીજને પોતાની પત્નીઓ સિવાય અન્ય ઠેકાણે ન નાખો નહીં તો આ જીવન બીજ બર્બાદ જશે. અને પોતાની પત્નીઓની સાથે પણ સાવધાન તથા સાવચેત થઈ કદાપિ સૃષ્ટિ વિરૂધ્ધનો તરીકો ન અપનાવો. જેમ કે હુઝૂર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ હદીષ શરીફમાં સ્પષ્ટ રીતે જણાવી આપ્યું કે :–

(અર્થ) :– સ્ત્રીઓ સાથે તેણીઓના પાછલા ગુપ્તાંગની તરફ ન મળો. *(મિશ્કાત, ભાગ–૨, પેજ–૨૭૬, બહવાલા તિર્મિઝી વગેરે)*

ત્યાર પછી આ ગૈર ફિતરી (સૃષ્ટિ વિરૂધ્ધના) ગંદા કૃત્ય માટે કડક ધમકી અને ચેતવણી પણ ફર્માવી;

(અર્થ) : તે શખ્સ જે સ્ત્રીના પાછલા સ્થાનેથી મળે છે તે મલઊન (જેના પર લાનત કરવામાં આવી છે.)

*(મિશ્કાત, ભાગ–૨, પેજ–૨૭૬, બહવાલા–અબૂદાવૂદ વગેરે)*

એટલા માટે કે એ રીતે કરવાથી માણસના વંશવેલાની હયાતનું બીજ એટલે નુત્ફો (વિર્ય) બર્બાદ જશે, વેડફાઈ જશે અને સ્ત્રી તથા



પુરૂષની તંદુરૂસ્તીમાં પણ ખલેલ ઉભી થશે અને બંને સખત ગુનાહમાં પડશે. વળી દરેક વાવણી (ઓરણી) અને ખેતીના માટે એક સમય નક્કી હોય છે. કસમયે જો બીજ નાખવામાં આવ્યું તો બીજ વેડફાઈ જશે અને મેહનત બર્બાદ જશે. આ નિયમ મુજબ શરીઅતે સંભોગ કરવા અને ઈન્સાની નસલના બીજને તેના ખેતરમાં નાખવા માટેનો એક સમય નિશ્ચિત કર્યો છે, જેમ કે કુર્આન મજીદનો ઈર્શાદ છે કે :–

(તર્જુમો) :– માસિક (સ્ત્રાવ)ના દિવસોના સમયે સ્ત્રીઓથી અલગ રહો (સંભોગ ન કરો) એટલે સુધી કે તેણીઓ પાક થઈ જાય. જ્યારે તેઓ પાક થઈ જાય તો જે રીતે ખુદાએ મળવાનો હુકમ આપ્યો છે તે રીતે મળો. (પારા–૨, સૂ. બકરહ્, આયત–૨૨)

એટલે કે હૈઝ (માસિક)થી પાક થયા બાદનો સમય સંભોગ માટેનો ખાસ સમય છે, તે વખતની ઓરણી અને સોહબત (સંભોગ) પરિણાત્મક અને ફળદાયી નીવડશે. મતલબ કે પાકીનો સમય જ સંભોગનો સમય છે, હેઝ (માસિક)ની હાલતમાં સંભોગ હરામ તથા નાજાઈઝ છે, અને સ્ત્રી તથા પુરૂષ બંનેની તંદુરસ્તી માટે કાતિલ ઝહેર છે કેમ કે માસિકના ગંદા લોહીમાં ઝેરીલુ તત્વ અને જાત જાતના કાતિલ જંતુઓ હોય છે જે સ્ત્રી તથા પુરૂષ બંનેની તંદુરસ્તીને તબાહ કરી આપશે.

**અઝીઝો !** વિચારો કે, નિકાહ કાનૂની સંબંધ હોવા છતાં પણ હૈઝ તથા નિફાસની હાલતમાં શરીઅતની રૂએ તથા તબીબી દ્રષ્ટિએ બંનેના નિયમાનુસાર સંભોગક્રિયા નાજાઈઝ ઠરી કેમ કે તેમાં ઈન્સાની બીજની બરબાદી છે. તો પછી જ્યાં કાનૂની સંબંધ નિકાહ હોય જ નહીં અને આ ઈન્સાની બીજની હિફાઝતની જિમ્મેદારી લેનાર જ કોઈ ન હોય તો આ અણમોલ અમૃત એટલે નુત્ફએ હયાતને એવી જમીનમાં નાખીને તેને બર્બાદ કરવું કેટલા પ્રમાણમાં સખત તથા મહાન જુલ્મ ગણાશે. એ જ કારણે અલ્લાહ તઆલાએ પોતાના હિકમતપૂર્ણ ફર્માન વડે વ્યભિચાર (ઝિના) અને લવાતત

(સૃષ્ટિ વિરૂધ્ધ કૃત્ય) અને હસ્ત મૈથુનને હરામ તથા મના ઠરાવ્યું જેના વિશે થોડુંક વર્ણન કરૂં છુ.

## ☆ હુસ્ન પરસ્તીથી તૌબા કરી લો ! ☆

વાસનામય નજરે હસીન ચેહરોઓ જોવું એને 'હુસ્ન પરસ્તી' કહે છે. વર્તમાનકાળમાં બેહયાઈ અને બેશરમીએ માઝા મૂકી દીધી છે ત્યારે પ્યારા મદની આકા (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ની પ્યારી પ્યારી સુન્નત ''નીચી નજરે ચાલવું'' એ આપણી બંને જહાનમાં નજાત તથા આબરૂનો સબબ બને છે.

વળી હાલના લપસણાં યુગમાં ટી.વી., વી.ડી.ઓ.ના શોખીનો આ ગુનાહને સરળતાથી સસ્તામાં કરતા રહે છે. બલ્કે ટી.વી., વી.ડી.ઓ.ના પ્રોગ્રામો, ફિલ્મો આપણા બાળકોને ગળથૂથીમાંથી ખરાબ નજર કરવાનું અને વ્યભિચાર કરવાનું જાણે માર્ગદર્શન જ આપે છે. ગંદી ફિલ્મો, સ્ત્રીઓના ચહેરાઓ, શરીરો, નખરાંઓ ટી.વી. પર જોઈને આપણા યુવાનો તથા કુમળાં બાળકો ઓછી વયે બેહયાઈમાં સપડાતાં આપણે જોઈ રહ્યા છીએ.

**હે લોકો ! ખુદાથી ડરો !** શું હરામ કાર્ય વગર ચૈન નથી પડતું ?! શું હરામ ગીતો સાંભળ્યા વિના હરામ દ્રશ્યો ચાહે સમાચારને બહાને યા ક્રિકેટના બહાને જોયા વિના તમારો સમય નથી જતો ?! શું તમે ખુદાના અઝાબ વહોરો તો જ તમારું માઈન્ડ ફ્રેશ થાય છે ?! શું ખુદાના હુકમો જણાવતી કિતાબો વાંચવાનો, ઈસ્લામનો અભ્યાસ કરવાનો તમને જરાય શોખ નથી ?! બસ શોખ છે તો અંગ્રેજોની જેમ જીવન જીવવાનો ! શું ઈસ્લામ તમને પસંદ નથી ? શું ઈસ્લામના કાનૂન તમને નથી ગમતા ? શું ખુદા વ રસૂલના દુશ્મનોની અદાઓથી તમને પ્યાર છે કે તેને તો ખુશી અપનાવો છો અને ઈસ્લામી લિબાસ તથા પ્યારા રસૂલે પાક (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ની સુન્નતો તમને નાપસંદ છે કે તેનાથી દૂર ભાગો છો ?!

**અલ્લાહુ અકબર !** શું આ મુસલમાની છે ? શું ખુદાના



ગઝબની તમને જરાય પરવા નથી ? **હે વહાલા ભાઈ-બહનો !** હજી સમય છે, તૌબા કરો ! તૌબા કરો ! અને ઈસ્લામના હુકમોનો અભ્યાસ કરો અને સાચા અર્થમાં મુસલમાન બની ખુદા વ રસૂલને રાજી કરી લો.

અને નજરોની સૌ પ્રથમ હિફાઝત કરો, કેમ કે પ્રથમ નજર બહેકે છે પછી દિલ બહેકે છે એટલે જ ઈસ્લામે ઔરતને પર્દો અપનાવવા તાકીદનો હુકમ કર્યો, પર્દો ઔરત માટે ફર્ઝ કર્યો કે ગુનાહની રોક થામ થઈ જાય.

**હદીષમાં છે** : (અર્થ) : એકવાર નજર ઉઠયા બાદ બીજી નજર ન ઉઠવી જોઈએ, પ્રથમ વારની અકસ્માતે ઉઠેલી નજર માફ છે અને બીજીવાર જાઈઝ નથી. *-(તિર્મિઝી)*

''સ્ત્રી જ્યારે (બેપર્દા) બહાર નીકળે છે તો **શૈતાન** તેને તાકી તાકીને જુએ છે.''

''સ્ત્રી શૈતાનની સૂરતમાં (બેપર્દા) આવે છે અને શૈતાનની સૂરતમાં જાય છે..........''

**અસ્તગફિરુલ્લાહ !** આજે ખુબસૂરત ચેહરાઓને જોવાનો જ ધંધો બનાવવામાં આવે છે. ઔરતો નગ્નતા જાહેર કરે તેવો પોષાક પહેરવા લાગી, પર્દાની તો કલ્પના પણ તેમને આવતી નથી, અને એટલી સામાન્ય રીતે ટી.વી.ના પડદે જોઈને અથવા ઘરોમાં, પાર્કોમાં, માર્ગોમાં, ઓફીસોમાં ગુનાહો થાય છે કે જાણે તેને ગુનોહ પણ કોઈ સમજતુ નથી. (અલ્લાહની પનાહ !)

**હે પ્યારા સુન્ની ભાઈ બહનો !** આવો ! આપણે ખુદા વ રસૂલની મહોબ્બતના દાવેદાર છીએ તો તેના હુકમોને માથે ચઢાવીએ અને ખુદાના દુશ્મનોની જેમ જિંદગી જીવવાથી તૌબા કરી લઈએ.

હે મૌલા તઆલા ! અમારા પાછલા જાણે અજાણે થયેલા ગુનાહોને માફ ફર્માવ, પ્યારા મહબૂબ (સલ્લલાહુ અલૈહિ વસલ્લમ)ના સદકામાં સર્વે હરામ કાર્યોથી બચાવ. આમીન.

## ☆ ઝિના (વ્યભિચાર) હરામ અને સૌથી ખરાબ ગુનો છે ! ☆

ઝિના (વ્યભિચાર) તે અતિ ખરાબ જુર્મ (ગુનોહ) છે કે, દુનિયાનો કોઈ ધર્મ પણ તેને જાઈઝ નથી દર્શાવતો, ન તો કોઈ સુસંસ્કૃત સોસાયટી (સંસ્કારી સમાજ) તેના માટેની ઈજાઝત આપે છે. અને ઈસ્લામ ધર્મએ તો તેને બદતરીન જુર્મ (સૌથી વધુ ખરાબ ગુનોહ) ઠરાવતાં વ્યભિચારીને દુનિયામાં સખત સજાના અને આખેરતમાં જહન્નમની કઠિન સજાઓના હકદાર ઠરાવ્યા છે અને તેને હરામ ઠરાવતાં કુર્આન મજીદે ફર્માવ્યું કે :–

(તર્જુમો) : ‘‘અને ઝિનાની નજીક ન જાવ, યકીનન તે બેહયાઈ (બેશરમપણુ) છે અને ઘણો જ ખરાબ (બુરો) રસ્તો છે.’’

*–(પારા–૧૫, સૂ.બની ઈસ્રાઈલ, આયત.૩૨)*

બીજી આયતમાં આ રીતે ઈર્શાદ ફર્માવ્યો તથા જહન્નમના અઝાબની સખત ધમકી (વઈદ) ફર્માવી કે,

(તર્જુમો) : ‘‘(જન્નતી તેઓ છે) જેઓ વ્યભિચાર નથી કરતા અને જે એ કામ કરશે તે સજા પામશે, વધારવામાં આવશે તેના પર અઝાબ કિયામતના દિવસે અને તે હમેશાં તેમાં ઝિલ્લત (બેઈજ્જતી)ની સાથે રહેશે.’’ (પારા–૧૯, સૂરએ અલફુર્કાન, આ.૬૮–૬૯)

ફર્માને ઈલાહી છે (અર્થ) : ‘‘મુસલમાનોને કહી દો કે પોતાની આંખો બંધ કરી લે અને પોતાની શર્મગાહોની રક્ષા કરે.’’ (કુર્આન)

અલ્લાહ તઆલાએ મુસલમાન સ્ત્રી પુરૂષોને હુકમ આપ્યો કે તેઓ હરામની તરફ ન જુએ અને પોતાની શર્મગાહોને હરામકારીમાં પડવાથી મહફૂઝ રાખે.

## ☆ ‘‘વ્યભિચારીનો ભયાનક અઝાબ’’ ☆

એ પણ રિવાયત છે કે જહન્નમમાં એક ભઠ્ઠી છે જે અંદરથી ખૂબ જ પહોળી અને ઉપરથી ખૂબ સાંકડી છે તેમાં વ્યભિચારી



સ્ત્રીઓ તથા પુરૂષોને નાખી દેવામાં આવશે તો તેઓ આગના ભડકાઓમાં બળતા રહી ભઠ્ઠીના મુખ સુધી ઉપર આવી જશે, પછી એકદમ તે ભડકાઓ હોલવાઈ જશે તો સૌ ઉપરથી ભઠ્ઠીના તળિયે ફેંકાઈ જશે. *(બુખારી, ભાગ–૧, પેજ–૧૮૫)*

ફર્માને ઈલાહી છે (અર્થ) : નાના મોટા, જાહેર છુપા કોઈ પણ ગુનાહની નજીક ન જાવ. (કુર્આન)

અહીં મોટાથી મુરાદ વ્યભિચાર (ઝિના) અને નાનાથી મુરાદ બોસો (ચુંબન) લેવો, બુરી નજરથી જોવું અને સ્પર્શવું, જેમ કે હુઝૂર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ))એ ફર્માવ્યું કે, હાથ ઝિના કરે છે, પગો ઝિના કરે છે અને આંખો ઝિના કરે છે.

## ☆ વ્યભિચારીને આખેરતની સજા ☆

રબ તઆલાનું ફર્માન છે કે (અર્થ) :– ‘‘જે શખ્સ વ્યભિચાર કરે છે તેને ‘અષામ’માં નાખવામાં આવશે.’’ (કુર્આન)

‘અષામ’ ના વિશે કહેવામાં આવ્યું છે કે, એ જહન્નમની એક વાદી છે. કેટલાક ઉલમા કહે છે કે, તે જહન્નમની એક ગુફા છે, જ્યારે તેનું મોઢુ ખોલવામાં આવશે તો તેની સખત દુર્ગંધથી જહન્નમીઓ ચીસો પાડી ઉઠશે.’’

હે લોકો ! આપણે આપણી જાત પર રહમ ખાવી જોઈએ અને આવા ખુદાનો ગઝબ વહોરનારા ગુનાહોથી માઈલો દૂર ભાગવું જોઈએ, ક્ષણિક આનંદ જહન્નમના હજારો વર્ષોના ભયાનક અઝાબમાં નાખશે ત્યારે હાય હાય કરવાથી કાંઈ જ વળશે નહીં. માટે હે વ્યભિચારીઓ ! ખુદાથી ડરો ! ખુદાથી ડરો ! ખુદાથી ડરો !

શું તમે કદી નથી સાંભળ્યું કે તમારા પૈગમ્બરે રૂહી ફિદા (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) ફર્માવે છે (અર્થ) : જેણે **ઝિના કર્યો** અથવા **શરાબ પીધી** તો અલ્લાહ તઆલા તેનામાંથી ઈમાનને એ રીતે કાઢી નાખે છે જેવી રીતે માણસ માથેથી કુર્તો કાઢી નાખે છે.’’

તમને એ પણ ખબર છે ? કે :–

(અર્થ) : અલ્લાહ તઆલા પોતાની મખ્લૂકથી નજીક હોય છે અને કોઈ મગફિરત (બખ્શિશ) તલબ કરે તેને બખ્શે છે. પરંતું તે સ્ત્રીને નથી બખ્શતો જે પોતાની શર્મગાહ (ગુપ્તાંગ)નો નાજાઈઝ ઉપયોગ કરતી જ રહે.''

## ☆ શિર્ક પછી સૌથી મોટો ગુનોહ કયો ? ☆

પ્યારા આકા (અલૈહિસ્સલાતુ વસ્સલામ)એ ફર્માવ્યું, (અર્થ) : **શિર્ક પછી અલ્લાહની નજીક આ ગુનાહથી મોટો કોઈ ગુનોહ જ નથી કે એક શખ્સ પોતાના ખાસ માદ્દા (ગુપ્તાંગ)ને એવી ઔરતના ગુપ્તાંગમાં પહોંચાડે જે તેના માટે હલાલ નથી એટલે કે જાઈઝ, કાયદેસરની પત્ની નથી.**

એક ઠેકાણે ફર્માવ્યું (અર્થ) : **મુસલમાન થઈને તો કોઈ ઝિના કરી જ નથી શકતુ !**

''વ્યભિચારી મર્દ ઔરતને કિયામતના દિવસે એવી રીતે ખુદાના દરબારમાં લાવવામાં આવશે કે તેમના ચેહરાઓ આગની જેમ ભડકી રહ્યા હશે.''

આજે પર્દા પાછળ છુપાઈ છુપાઈને મોઢાં કાળાં કરી લો ! કાલે કિયામતના દિવસે આખી મખ્લૂકની સમક્ષ બેઈજ્જતીનો અઝાબ મળ શે ત્યારે જ ખબર પડશે !

સાતેવ આસમાન તથા સાતેવ જમીનો અને પહાડો **વૃદ્ધ વ્યભિચારી પર લઅનત** મોકલે છે. અને કિયામતના દિવસે ઝિનાકાર મર્દ તથા ઔરતના ગુપ્તાંગોએથી એ પ્રકારની દુર્ગંધ આવતી હશે કે જહન્નમમાં સળગનારા જહન્નમીઓને પણ તે દુર્ગંધથી તકલીફ થશે.''

**''જે શખ્સ કોઈ પરાયી સ્ત્રી સાથે સંભોગ કરશે તો અલ્લાહ તઆલા કિયામતના દિવસે તેના પર એક ઝેરીલો સાપ સવાર કરી આપશે.''**



મેઅરાજની રાત્રે હુઝૂર (અલૈહિસ્સલાતુ વસ્સલામ)એ જોયું કે, એક ભઠ્ઠીમાંથી કેટલાક સ્ત્રી પુરૂષોની ચીસો આવી રહી હતી અને તેમના ગુપ્તાંગોમાંથી આગના ભડકા ઉઠી રહયા હતા. જિબ્રઈલે અર્ઝ કરી કે, આ તે લોકો છે જેઓ દુનિયામાં વ્યભિચારમાં મસ્ત રહેતા હતા તેની આ સજા તેમને મળી રહી છે.

એક કલમો પઢનાર ઈન્સાનને, રસૂલે પાક (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ના ચાહકને વ્યભિચારથી તૌબા કરવા માટે આટલી વાતો પૂરતી છે, નહીં તો ખુદાના ગઝબમાં સળગવાની તૈયારી રાખવી પડશે અને ખુદાની કસમ ! એને સહવાની શકિત શું તમારામાં છે ? તો પોતાની આખેરતને સમારવા કાજે આજથી બુરી નજર કરવાથી તથા બુરા કુકર્મોથી તૌબા કરી લો.

અને દુનિયામાં વ્યભિચારની એવી સજા કુર્આને નિશ્ચિત ઠરાવી છે કે, જો વ્યભિચારી પુરૂષ અને સ્ત્રી અપરણિત હોય તો તેમને સો કોરડાઓ મારવામાં આવે અને તેમના પર જરાય દયાભાવના નહીં કરવામાં આવે.

અને જો વ્યભિચારી બંને જણ પરણિત હોય તો તેઓને જાહેર મજમામાં પથ્થરો વડે મારી મારીને ત્યાં સુધી પથ્થરમારો કરવામાં આવશે કે જેથી તેઓ મૃત્યુ પામે અને આ મુજરિમોની સાથે જરા પણ દયાભાવનાનો વર્તાવ કરવામાં આવશે નહી.

## ☆ વ્યભિચાર કરવાથી ઈમાન જતુ રહે છે ☆

હદીષમાં હુઝૂરે અકરમ (સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ)એ ફર્માવ્યું કે, (અર્થ) : મોમિન (મુસલમાન) હોવાની હાલતમાં તો કોઈ વ્યભિચાર કરશે જ નહીં.

*(મિશ્કાત, ભાગ–૨, પેજ–૧૭, બહવાલા બુખારી તથા મુસ્લિમ)*

હઝરત અકરમહ્એ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિયલ્લાહુ અન્હુમા)ને પૂછયું કે,

(અર્થ) : ઈમાન કેવી રીતે નીકળી જાય છે ? તો ઈબ્ને અબ્બાસે

એક હાથની આંગળીઓ બીજા હાથની આંગળીઓમાં નાંખી અને પછી તે આંગળીઓને ખેંચી લીધી. અને કહ્યું કે જુઓ આ રીતે ! પછી જો તે તૌબા કરી લે તો ફરીવાર તેની પાસે ઈમાન આવી જશે. અને તેમણે આંગળીઓમાં આંગળીઓ પરોવીને કે કહ્યું કે જુઓ આ પ્રમાણે ! *(મિશ્કાત, ભાગ–૧, પેજ–૧૭, બહવાલા બુખારી)*

હઝરત ઈમામ બુખારી (અલયહિરહ્‌મહ્‌)એ આ હદીષનો એ મતલબ દર્શાવ્યો કે, વ્યભિચારી કામિલ દરજ્જાનો મોમિન નથી રહેતો અને તેના માટે ઈમાનનુ નૂર નથી રહેતું.

*(મિશ્કાત, ભાગ–૧, પેજ–૧૭)*

### ☆ વ્યભિચારીઓ પર દુકાળ આવશે ☆

હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ ઈર્શાદ ફર્માવ્યો કે, (અર્થ) : જે કૌમમાં પણ વ્યભિચાર જાહેર થશે તેઓને દુષ્કાળમાં ગિરફતાર કરી લેવામાં આવશે. (સપડાવી દેવામાં આવશે.) *(મિશ્કાત, ભાગ–ર, પેજ–ર૧૩, બહવાલા ઈમામ અહમદ)*

મતલબ કે વ્યભિચાર એટલો મહાન ગુનોહ છે કે, તેના લીધે ખુદાનો ગઝબ એટલી મહાનતા (પ્રચંડતા)ની સાથે જમીનની તરફ ધ્યાનિત થાય છે (કેન્દ્રિત થાય છે) કે તેના કહર તથા ગઝબથી રહમતની વર્ષા રોકાઈ જાય છે અને જમીન વરસાદના ટીપા ટીપા માટે તલસી ઉઠે છે અને એવો સખત દુકાળ પડી જાય છે કે ઈન્સાન તો ઈન્સાન પણ પક્ષીઓ સુધ્ધાં પોતાના માળાઓમાં દાણા પાણી વગર તડપી તડપીને મૃત્યુ પામે છે.

## લવાતત (સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય)

### ☆ સખત હરામ અને સખત ગુનોહ છે ☆

લવાતત એટલે પુરૂષનું કોઈ પુરૂષની સાથે કુકૃત્ય કરવું જેને સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય કહે છે. જે અતિશય ખરાબ અને હરામ દુષ્કાર્ય છે. આ સ્થિતિમાં પણ ઈન્સાની નસલ (વંશવેલા)નું અમૂલ્ય બીજ



એટલે નુત્ફાને વેડફી દેવામાં આવે છે. અને આ કુકર્મ કરનાર અને કરાવનાર બંનેની સોહબતને બર્બાદ કરવાનો અતિશય તબાહકારી અને ભયંકર અમલ છે અને અત્યંત ભયાનક અને લાઈલાજ બીમારી પૈદા થવાનો સબબ છે. એટલા માટે પાક શરીઅતે તેને બદતરીન જુર્મ (ગુનોહ) ઠરાવીને હરામ તથા મહાન ગુનોહ ઠરાવ્યો છે. હઝરત લૂત અલૈહિસ્સલામની ખરાબ કૃત્યો કરનારી (નાફર્માન) કૌમે આ કુકર્મનો પ્રારંભ કર્યો. એટલા માટે આ કુકર્મ કરનારને ‘‘લૂતી’’ અને નાજાઈઝ કાર્યને ‘‘લવાતત’’ કહે છે.

જ્યારે હઝરત લૂત અલૈહિસ્સલામની કૌમે આ દુષ્કૃત્ય કરવાનું શરૂ કર્યું તો આપે તે કૌમને ફર્માવ્યું :–

(અર્થ) : શું તમે લોકો તે બેહયાઈ (બેશરમપણુ) કરો છો જે તમારાથી અગાઉ દુનિયામાં કોઈએ નથી કરી ! તમો તો પુરૂષો પાસે વાસના સાથે જાવ છો સ્ત્રીઓ છોડીને ! બલ્કે તમે લોકો તો હદથી (બહાર) નીકળી ગયા છો. (પા–૮, સૂરઅ–અલઅેઅરાફ, આ. ૮૦–૮૧)

જ્યારે કૌમે હઝરત લૂત (અલૈહિસ્સલામ)ના પ્રવચન અને નસીહતોને ઠુકરાવી દીધાં અને પોતાના કુકર્મ પર અડી રહી તો ખુદાવંદે કહ્‌હાર તથા જબ્બારનો કહર તથા ગઝબ (પ્રકોપ) અઝાબના એ સ્વરૂપે તે કોમ પર નાઝિલ થયો કે પ્રથમ પથ્થરોની વર્ષા થઈ અને સખત પથ્થર વર્ષા પછી તે આખી વસ્તીને ફરિશ્તાઓએ ઉલટ પુલટ (ઊંધી ચત્તી) કરી નાખી જેથી આખી વસ્તી નાશ પામી અને કૌમનું નામનિશાન સૃષ્ટિના પટ પરથી નષ્ટ થઈ ગયું. કેવળ કિતાબોના પૃષ્ઠો પર તેઓના કરતુત અને તેમના બુરા અંજામની વિગતો બાકી રહી ગઈ.

હુઝૂર ખાતેમુન્નબિય્યિન (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ આ કુકર્મને ગુનોહ ઠરાવીને કડકાઈપૂર્વક પોતાની ઉમ્મતને એનાથી મના ફર્માવ્યું (રોકી) અને એલાન ફર્માવી દીધું કે,

(અર્થ) : જે લૂતની કૌમનો અમલ (સૃષ્ટિ વિરૂધ્ધ કૃત્ય) કરે તે ‘મલઊન’ છે. *(મિશ્કાત, ભાગ–ર, પેજ–૩૧૩)*

એટલે કે લવાતત કરનારને ખુદાવંદે કુદુસની રહમતોથી બેઉ

જહાનમાં દૂર કરવામાં આવેલો છે. સ્પષ્ટ છે કે તેનાથી વિશેષ મરદૂદ તથા બદબખ્ત કોણ હશે ? જેને ખુદા તઆલાની રહમતથી દૂર અને વંચિત કરી દેવામાં આવ્યો હોય ! અને એક હદીષમાં એ પણ આવ્યું છે કે હુઝૂર (અલૈહિસ્સલાતુ વસ્લામ)એ સખતાઈ તથા ચેતવણી રૂપે એવો ઈર્શાદ ફર્માવ્યો કે :

(અર્થ) : જે શખ્સને તમે લોકો લૂતની કૌમનો અમલ કરતો પામો તો એ કૃત્ય કરનાર અને જેની સાથે તે કૃત્ય કરવામાં આવે બંનેને કત્લ કરી નાખો.

*(મિશ્કાત, ભાગ–ર, પેજ–૩૧ર, બહવાલા તિર્મિઝી તથા ઈબ્ને માજહ)*

જેમ કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિયલ્લાહુ તઆલા અન્હુમા)નુ બયાન છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિયલ્લાહુ અન્હૂ) એ પોતાના ખિલાફતકાળ દરમિયાન આ દુષ્કર્મ કરનાર તથા કરાવનાર બંનેના ઉપર એક દીવાલ ફેંકી અને તે બંને જણા દબાઈને મૃત્યુ પામ્યા. અને હઝરત અલી (રદિયલ્લાહુ અન્હૂ)એ પોતાના ખિલાફતકાળમાં તે બંને જણને આગમાં નાખીને સળગાવી દીધા.

*(મિશ્કાત, ભાગ–ર, પે–૩૧૩)*

## ☆ જાનવરો સાથે સંભોગ કરવો પણ હરામ તથા ગુનોહ છે! ☆

એમાં ઈન્સાની વંશવૃદ્ધિનું કિંમતી બી એટલે નુત્ફાનો વ્યય થાય છે અને ખતરનાક બીમારીઓમાં સપડાવાનો સખત ભય છે. એટલા માટે હુઝૂર રહ્‌મતુલિલ આલમીન (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)એ એને પણ હરામ તથા નાજાઈઝ ઠરાવીને તેનાથી સખ્તીની સાથે રોકયા છે અને તેના માટે સખતાઈ તથા ચીમકીથી ભરપૂર આ ફર્માન સંભળાવી દીધું જેને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિયલ્લાહુ તઆલા અન્હુમા)એ બયાન કર્યું છે કે,

(અર્થ) : ''જે શખ્સ કોઈ ચો પગા (પ્રાણી) સાથે સંભોગ કરે તો તેને કત્લ કરી આપો અને તેની સાથે તે પ્રાણીને પણ કત્લ કરી



નાંખો.'' *(મિશ્કાત, ભાગ–ર, પે–૩૧ર, બહાલા તિર્મિઝી તથા ઈબ્ને માજહ વગેરે)*

લોકોએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ(રદિયલ્લાહુ તઆલા અન્હુમા)ને પૂછયું કે, તે બદનસીબ માણસને કત્લ કરવાનું તો અમારી સમજમાં આવે છે પણ જાનવરને કત્લ કરવાનું કારણ શું ? તો આપે જવાબ આપ્યો કે, એના વિશે હુઝૂર(સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)થી મેં કાંઈ સાંભળ્યું નથી પણ મારો ખયાલ છે કે હુઝૂર (અલૈહિસ્સલાતુ વસ્સલામ)એ એવા જાનવરનું માંસ ખાવાનું અને તેનાથી લાભ ઉઠાવવાનું ખરાબ જાણ્યું જે જાનવરની સાથે આવું કુકર્મ કરવામાં આવ્યું હોય.

*–(મિશ્કાત, ભાગ–ર, પેજ–૩૧ર, બહવાલા તિર્મિઝી તથા અબૂદાવૂદ વગેરે)*

## પોતાના હાથો (હસ્ત મૈથુન) વડે ખાસ શક્તિની બર્બાદી !

પુરૂષનું તે ખાસ માધ્યમ જે આ ઉમદા સત્વ વિર્યને સ્ત્રીના ગર્ભ સુધી પહોંચાડવા માટે અલ્લાહ તઆલાએ પેદા ફર્માવ્યું છે તે એક સ્થિતિ સ્થાપક જેવી બનાવટ ધરાવે છે જેના લીધે જરૂરતના સમયે તે વધી (લંબાઈ) શકે છે અને જરૂરત પૂર્ણ થયા બાદ ટૂંકુ થઈ જાય છે અને તેમાં અસંખ્ય જાડી તથા પાતળી નસો છે જે શાખાઓની શાખા થઈને સફેદ જાડી રગોની સાથે આખા શરીરમાં ફેલાઈ જાય છે. હાથ મારીને (હસ્ત મૈથુન વડે) વિર્ય કાઢવાથી આ અંગ પર હાથની ગરમી અને ઝાપટ લાગવાથી તેની બનાવટ ચૌટ (માર) ખાઈને બગડી જાય છે જેથી સુસ્તી, કમજોરી અને અક્ષમતા પૈદા થઈ જાય છે. અને વિર્ય પણ પાતળુ થઈ જાય છે જેનું પરિણામ એ આવે છે કે પુરૂષ હમેશાંના માટે પૌરૂષત્વથી વંચિત થઈ જાય છે અને તે સંભોગ કરવાને લાયક જ રહેતો નથી. આ રીતે ઈન્સાની વંશવેલાની હયાતી તથા રક્ષા અને વંશવૃધ્ધિનો ક્રમ કટ થઈ જાય છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે હસ્ત મૈથુન વડે ઈન્સાની નસલનું કિંમતી બીજ વેડફાય જાય છે અને તેના અંજામમાં ઈન્સાની

વંશવૃધ્ધિની પેદાઈશનો ક્રમ ખત્મ થઈ જાય છે. એટલા માટે ઈસ્લામની શરીઅતે આ નાપાક કાર્યમાં પડનાર પર ખુદાની લા'નત તથા ફિટકારનું એલાન ફર્માવીને આ કુકર્મને પણ મના ઠરાવી દીધું છે જેમ કે ફર્માવ્યું : ''હસ્ત મૈથુન કરનાર મલઊન છે.''

મતલબ કે દરેક તે સ્થિતિ જેમાં ઈન્સાની બીજનું ઉમદા તત્વ ગલત તરીકાથી બેકાર તથા વેડફાઈ જતુ હોવાથી ઈસ્લામી શરીઅતે તેને નાજાઈઝ તથા હરામ ઠરાવ્યું છે અને તેની સખત મનાઈ ફર્માવી છે. જેથી દરેક મુસલમાન માટે અનિવાર્ય છે કે પોતાના ઉમદા તત્વ (જૌહરે લતીફ) એટલે વિર્યને વેડફી નાખવાથી અને બર્બાદ થવાથી બચાવે અને શરીઅતના હુકમ પ્રમાણે તેને તેના યોગ્ય સમય તથા સંજોગો તથા સ્થળે મધ્યમ માર્ગ અપનાવી વાપરે. વલ્લાહુ તઆલા અઅ્લમ. (અલ્લાહ બેહતર જાણનાર છે.)

## ☆ પ્રકરણ-૪ ☆

## ☆ મુસલમાન સ્ત્રીઓનો પર્દો ☆

ઈસ્લામ ધર્મએ ઈન્સાની પ્રકૃતિના તકાદાઓને ધ્યાનમાં રાખી વ્યભિચારના દરવાજાઓને બંધ કરવા માટે સ્ત્રીઓને પર્દોમાં રાખવાનો હુકમ આપ્યો છે. **પર્દાનું ફર્ઝ હોવું** અને તેનું મહત્વ **કુર્આન તથા હદીષથી સાબિત છે.** જેના પર ઈમાન લાવવું અને અમલ કરવો દરેક સ્ત્રી તથા પુરૂષ માટે લાઝિમ તથા જરૂરી છે.

**કુર્આન મજીદનું ફર્માન છે કે :-**

(અર્થ) : (હે નબીની પત્નીઓ !) તમે પોતે પોતાના ઘરોમાં રહો અને બેપર્દા બનીને બહાર ન નીકળો જેવી રીતે આગલા સમયની જાહિલયતના દૌરમાં (અજ્ઞાનતાના કાળમાં) સ્ત્રીઓ બેપર્દા થઈને બહાર ઘુમતી ફરતી હતી. *(પારા-રર, સૂ. અહઝાબ, આયત.૩૩)*

અને ફર્માવ્યું કે ઘરમાં પણ રહો તો નામહરમોની નજરોથી બચેલી રહો અને પુરૂષ પણ પોતાની નજરોને સંભાળીને રાખે. જેમ કે બીજી આયતમાં ખુદા તઆલાનો ઈર્શાદ છે કે,



(અર્થ) : જ્યારે તમે અજવાઝે મુતહ્હરાત (પાક બીવીઓ)થી કોઈ કામની ચીજ માંગો તો પર્દાની બહાર રહીને માંગો.

*(પા.રર, અલ્અહઝાબ, આયત.પ૩)*

વળી પુરૂષો અને સ્ત્રીઓને ચેતવણી રૂપ સખત ધમકી સંભળાવીને એક બીજાને જોવાની પણ મનાઈ ફર્માવી દીધી. જેમ કે હદીષ શરીફમાં છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ)એ ફર્માવ્યું કે :-

ગેરમહરમોને જોનારાઓ અને જેમની તરફ જોવામાં આવે તે સૌના ઉપર ખુદાની લાનત છે.

*(મિશ્કાત, ભાગ-ર, પેજ-ર૭૦, બહવાલા બયહકી)*

એક હદીષ શરીફમાં એ પણ છે કે, ''સ્ત્રી પર્દામાં રહેવાની ચીજ છે, જે સમયે તેણી બેપર્દા થઈને બહાર નીકળે છે તો શૈતાન એટલે વ્યભિચારી માણસ તેણીને ઝાંકી ઝાંકીને જુએ છે.''

*(તિર્મિઝી, ભાગ-૧, પેજ-૧૪૦)*

**મુસલમાન ભાઈઓ ! અને બહેનો !** આજકાલ જે સ્ત્રીઓ ઠાઠ માઠ કરીને મેકઅપ લગાડીને અને નગ્ન લાગે તેવો, અંગો જાહેર થાય તેવો પોષાક પેહરીને પર્દા વગર બજારોમાં ઘુમતી ફરતી રખડતી રહે છે અને સિનેમાના થિયેટરોમાં જાય છે અને તે સ્ત્રીઓના સગાં સ્નેહીઓ, કુટુંબીઓ બલ્કે પતિઓ મૌન જણાય છે બલ્કે તેમના તરફથી છૂટ હોય છે ! તો કુર્આન તથા હદીષની રોશનીમાં તે સૌએ વિચારવું જોઈએ કે આ સૌ કેટલા મોટા ગુનેહગાર છે ? ખુદાના ખાતર હે સ્ત્રીઓ ! અને હે નવયુવાનો ! તમે તમારી આ પ્રવૃત્તિઓ વડે પોતાની કૌમ તથા મિલ્લતને અને પોતાના બાપદાદાઓની મહાનતાઓ અને તેમની ઈજ્જત તથા આબરૂને તબાહ અને બર્બાદ ન કરો.

## ☆ પર્દો સ્ત્રીઓની ઈજ્જતની નિશાની છે ☆

આજકાલ કેટલાક મુલ્હિદ (અધર્મીઓ) અને આઝાદ ખયાલવાળા કહેવાતા મુસલમાન, સ્ત્રીઓને એવું કહીને પર્દાથી નફરત કરાવે છે કે, ઈસ્લામે સ્ત્રીઓને પર્દામાં રાખીને તેણીઓનું

અપમાન કર્યું છે એટલા માટે સ્ત્રીઓએ પર્દામાંથી નીકળીને પુરૂષો સાથે ખભેખભા મેળવીને ઉભી થઈ જવું જોઈએ ! પણ હે સ્ત્રીઓ ! તમો સારી પેઠે સમજી લો કે આ પ્રોપેગન્ડો એટલો ગંદો અને ધૃણાત્મક ચાલબાજીવાળો અને છેતરામણો છે કે કદાચ શૈતાનને પણ સુઝયો નહીં હોય ! તમે જ વિચારો કે મુસલમાનોની તમામ કિતાબો ઉઘાડી પડી રહે છે અને બેપર્દા રહે છે પણ કુર્આન શરીફને હમેશાં ગિલાફમાં રાખીને તેને પર્દામાં રાખવામાં આવે છે. તે જ પ્રમાણે તમામ મસ્જિદોને નગ્ન અને બેપર્દા રાખવામાં આવેલી છે પણ ખાનાએ કા'બા પર ગિલાફ ચઢાવીને તેને પર્દામાં રાખવામાં આવેલ છે. તો બતાવો કે કુર્આન મજીદ અને કા'બા શરીફ પર ગિલાફ ચઢાવીને અને તેને પર્દામાં રાખીને શું કુર્આન તથા કા'બાની બેઈજ્જતી કરવામાં આવી છે ? કે પછી તેમની ઈજ્જતનું એલાન કરવામાં આવ્યું છે કે તમામ કિતાબોમાં સૌથી અફઝલ કુર્આન મજીદ છે અને તમામ મસ્જિદોમાં સૌથી આ'લા કા'બા મોઅઝઝમા છે.

એ જ રીતે મુસલમાન સ્ત્રીઓને પર્દાનો હુકમ આપીને અલ્લાહ તથા રસૂલ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ની તરફથી એ વાતનું એલાન કરાવવામાં આવ્યું છે કે, દુનિયાની તમામ સ્ત્રીઓમાં મુસલમાન સ્ત્રી સૌથી અફઝલ તથા આ'લા છે. તો હે મુસલમાન સ્ત્રીઓ ! તમે ઈસ્લામી પર્દાને પોતાની ફઝીલતનું નિશાન અને પોતાની મહાનતાની ઓળખ સમજો અને મુલ્હિદો (અધર્મીઓ)ની બકવાસને શૈતાની વસવસો સમજીને પોતે જ ફૈંસલો કરો કે ઈસ્લામે સ્ત્રીઓને પર્દામાં રાખીને તેમની ઈજ્જત વધારી કે તેમની બેઈજ્જતી કરી છે ?

**કયા લોકોથી પર્દો કરવો ફર્ઝ છે ?** :– દરેક **ગૈરમહરમ** પુરૂષ ભલે પછી અજાણ્યો હોય કે, સંબંધી હોય, બહાર રહેતો હોય કે ઘરની અંદર રહેતો હોય પણ દરેકથી પર્દો કરવો સ્ત્રી માટે ફર્ઝ છે. હા, તે પુરૂષો જેઓ સ્ત્રીના **મહરમ** હોય તેમનાથી પર્દો કરવો સ્ત્રી માટે ફર્ઝ નથી.



**મહરમ** :– આ તે પુરૂષ છે જેની સાથે સ્ત્રીના કદી પણ અને કોઈ હાલતમાં પણ નિકાહ નથી થઈ શકતા. દા.ત. બાપ, દાદા, કાકા, મામા, નાના, ભાઈ, ભાણીયા, પુત્ર, નવાસો, સસરો.........આ સૌ સ્ત્રીના મહરમ છે, તે લોકોથી પર્દો જરૂરી નથી.

**ગૈરમહરમ** :– આ તે પુરૂષ છે જેની સાથે સ્ત્રીના નિકાહ થઈ શકે છે જેમ કે કાકા મોટાનો દીકરો (પિત્રાઈ ભાઈ), મામાનો દીકરો (મોરાય), ફોઈનો દીકરો (ફોયાઈ), માસીનો દીકરો (મસ્યાય), જેઠ દિયર વગેરે...... **આ સૌ સ્ત્રીના ગૈરમહરમો છે** અને તે તમામ લોકોથી સ્ત્રીએ **પર્દો કરવો ફર્ઝ** છે. એ જ પ્રમાણે કાફિર તથા મુશ્રિકોની સ્ત્રીઓથી પણ મુસલમાન સ્ત્રીએ પર્દો કરવો જોઈએ. એ જ પ્રમાણે હીજડાઓ અને બદચલન સ્ત્રીઓથી પણ પર્દો કરવો જરૂરી છે અને તેમને ઘરોમાં આવજા કરવાથી રોકવી જોઈએ.

**મસઅલો** :– સ્ત્રીનો 'પીર' પણ સ્ત્રીનો ગૈરમહરમ છે એટલા માટે સ્ત્રીએ પોતાના પીરથી પણ પર્દો કરવો ફર્ઝ છે. અને પીરના માટે પણ હરામ છે કે પોતાની મુરીદાને બેપર્દા જુએ કે એકાંતમાં તેણીની પાસે બેસે. બલ્કે પીરના માટે એ પણ હરામ છે કે સ્ત્રીનો હાથ પકડીને તેણીને બૈઅત (મુરીદ) કરે. હઝરત આઈશા (રદિયલ્લાહો અન્હા)નું બયાન છે કે, ખુદાની કસમ ! કદી પણ હુઝૂર નો હાથ કોઈ સ્ત્રીના હાથ સાથે બયઅતના સમયે નથી લાગ્યો કેવળ બોલીને (કલામથી) હુઝૂર બયઅત ફર્માવતા હતા.

*(બુખારી, ભાગ–૨, પે–૨૭૬) – ('કિતાબ સામાને આખેરત'માંથી સાભાર)*

## પ્રકરણ–પ

### ☆ તલાક બાબતે એક જરૂરી ચેતવણી ☆

દીનના ઈલ્મથી બેપરવા અને દુનિયાદારીમાં વ્યસ્ત એવા ઘણાય પોતાને એજ્યુકેટેડ અને બુધ્ધિવાન સમજી ઘમંડમાં રહેનાર અથવા શરીઅતના હુકમોથી અજ્ઞાન અને બેપરવા લોકોના આજકાલ એવા ઘણા દાખલા જોવા મળે છે કે પત્નીને આવેશમાં આવી ત્રણ તલાકો એક સાથે આપી દે છે પછી પસ્તાવો કરીને કહે છે કે ગુસ્સામાં બોલાઈ

ગયું ! યા તો જૂઠુ બોલે છે કે, ''ત્રણ નથી કહી !'' વગેરે બહાના કરે છે અને શરીઅતના હુકમની પરવા કર્યા વિના શરીઅતના હુકમ મુજબ હલાલો કર્યા વિના પત્નીને ઘરમાં યથાવત રાખી મૂકે છે. તેઓ ખુદાથી ડરે અને જહન્નમની આગના હકદાર ન બને બલ્કે મુસલમાનીનો દાવો કરે છે તો ખુદા વ રસૂલના હુકમોને અનુસરે અને શરીઅતના હુકમોનું ઉલંઘન કરી તલાક આપેલ પત્નીને આમ જ રાખી મૂકશે તો જીવનભર હરામકારીમાં સપડાશે અને ઔલાદ થશે તે પણ હરામની ગણાશે. એક ઈમાનવાળાએ તો આ વાતોનો ખયાલ રાખવો જ રહ્યો, નહીં તો જહન્નમની આગમાં સળગવા તૈયારી રાખવી !!! (અલ્લાહની પનાહ) એના માટે તલાકના કેટલાક હુકમો સાંભળી લો.

**'તલાક'ના માટે શરત** એ છે કે પતિ આકિલ, બાલિગ હોય, નાબાલિગ અથવા પાગલ ન પોતે તલાક આપી શકે છે ન તેના તરફથી તેનો વાલી. (દુર્રે મુખ્તાર, હિદાયહ્, હિન્દિયહ્ તથા બહારે શરીઅત)

★ નશાવાળાએ તલાક આપી તો લાગુ પડી જશે કેમ કે તે આકિલના હુકમમાં છે. અને નશો ભલે શરાબ પીવાથી હોય કે ભાંગ વગેરે કોઈ ચીજથી હોય, અફીણના ઘેનમાં તલાક આપી દીધી તો પણ લાગુ પડી જશે. તલાકમાં સ્ત્રી તરફથી કોઈ શરત નથી નાબાલિગ હોય કે પાગલ ગમે તેમ પણ તલાક લાગુ પડી જશે. *(દુર્રેમુખ્તાર, હિદાયહ્, બહાર)*

★ કોઈકે મજબૂર કરીને નશો પીવડાવ્યો અથવા બેકરારીની હાલતમાં પીધું (જેમકે તરસે મરી રહ્યો હતો અને પાણી ન હતું ત્યારે પીધું) અને નશામાં તલાક આપી દીધી તો સહીહ એ છે કે લાગુ પડશે નહીં. *(રદુલ મુહ્તાર તથા બહાર)*

તલાકના માટે એ શરત નથી કે ખુશીથી તલાક આપવામાં આવે બલ્કે ઈકરાહે (મજબૂર કરવું) શરઈની હાલતમાં પણ તલાક લાગુ પડી જશે. (હિદાયહ, જૌહરહ તથા હિદાયહ્ વગેરે) કમ અક્કલવાળાની પણ તલાક લાગુ પડે છે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહ્તાર તથા બહાર)

★ ગુંગાએ ઈશારાથી તલાક આપી તો થઈ ગઈ જ્યારે કે તે લખવાનું જાણતો ન હોય અને જો લખતાં આવડતુ હોય તો ઈશારાથી ગશે



નહીં બલ્કે લખવાથી થશે. *(ફત્હુલ કદીર બહાર)*

★ કોઈ અન્ય શબ્દ કહેવા ઈચ્છે છે પણ જીભેથી તલાક શબ્દ નીકળી ગયો અથવા તલાક શબ્દ બોલ્યો પણ તેનો અર્થ નથી જાણતો અથવા ભૂલથી કે ગફલતમાં કહ્યું અથવા હંસી મજાક ગમ્મત રૂપે કહ્યું અથવા ડરાવવા માટે કહ્યું તો સૌ સ્થિતિઓમાં તલાક લાગુ થઈ ગઈ.

*(દુર્રેમુખ્તાર, બહાર વગેરે)*

★ બીમારની બીમારી એટલી હદે નથી પહોંચી કે તેની બુધ્ધિ જતી રહે તેની તલાક લાગુ પડે છે. (દુર્રેમુખતાર, બહાર) તે બીમારી જેમાં માથામાં વરમ આવી જાય (સરસામ) તથા બરસામ અથવા કોઈ અન્ય બીમારીમાં જેનાથી બુધ્ધિ જતી રહે અથવા બેહોશી આવી જાય અથવા ઉંઘની હાલતમાં તલાક આપી દીધી તો લાગુ પડશે નહીં. (દુર્રેમુખ્તાર, રદુલ મુહતાર). જો ગુસ્સો એટલી હદનો હોય કે બુધ્ધિ જતી રહે તો તલાક થશે નહીં. (દુર્રે મુખ્તાર, રદુલ મુહતાર) આજ કાલ મોટા ભાગે લોકો તલાક આપી બેસે છે, પાછળથી અફસોસ કરે છે અને જાત જાતનાં બહાનાં વડે એવો ફત્વો લેવા પ્રયત્નો કરે છે કે તલાક થઈ નથી. એક બહાનુ મોટે ભાગે એ પણ હોય છે કે ગુસ્સામાં તલાક આપી હતી. પણ મુફતીએ એ બાબતનો ખયાલ રાખવો જોઈએ કે કેવળ (મુત્લકન્) ગુસ્સાનો ભરોસો નથી, મામૂલી ગુસ્સામાં પણ તલાક થઈ જાય છે. એ સ્થિતિ કે ગુસ્સાથી બુધ્ધિ જતી રહે એ ભાગ્યે જ બને છે જેથી જ્યાં સુધી એની સાબિતી ન હોય તો કેવળ પ્રશ્ન કરનારના કહેવાનો ભરોસો ન કરે. *(બહારે શરીઅત)*

લેખિત મોકલવાથી કે આપવાથી પણ તલાક લાગુ પડી જાય છે. કોઈકે તલાકનામુ લખવા મજબૂર કર્યો તો તેણે લખી આપ્યું પણ ન દિલમાં ઈરાદો છે અને ન જીભ વડે તલાકનો શબ્દ કહ્યો તો તલાક થશે નહીં, પણ મજબૂરીનો અર્થ 'શરઈ મજબૂરી' છે, કેવળ દબાણ કરવાથી લખી આપ્યું અથવા મોટા માણસ હોય તો તેની વાત કેવી રીતે ટાળે, એ મજબૂરી નથી. (શરઈ મજબૂરી એટલે કત્લ કરવાનો કે અંગો કાપી નાખવાનો અથવા સખત માર પડવાની પાકી ખાત્રી હોય).

(વધુ માટે વાંચો કાનૂને શરીઅત, ભાગ–૨)